# અસ્મદીયમ્

અમારી પરંપરા

૨૦૧૮




**Smt. J. J. Kundalia Graduate Teachers' College**

Sant Kabir Road, Bedipara, Rajkot (Gujarat) - 360003. Ph. : 0281 - 2701773

Email : jjkbed@gmail.com | Blog : jjkbed.blogspot.in | Website : jjkbed.org

## સંસ્થાના આદ્યસ્થાપક



# સ્વ. શ્રી લાભુભાઈ ત્રિવેદી

સમાજની સેવા નેમ સાથે જીવન સમર્પિત કરી વિદ્યાર્થી આગેવાનથી માંડી યુનિવર્સિટીનાં સેનેટ,
સિન્ડિકેટ અને અંતે વાઈસ ચાન્સેલર સુધીની દીર્ઘ યાત્રામાં હંમેશા સેવા ભાવથીજ જીવ્યા.
શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સંસ્થાઓ ઊભી કરી હંમેશા King બનવાને બદલે King Maker
બની રહયા તેમના ભાવો તેમના જ શબ્દોમાં... પ્રણામ... વંદન.

કોઈ એક વખત અંધકાર આગળ આવે, તો કોઈ વખત અજ્ઞાન આવે છે,
કોઈ વખત બંને સાથે પણ આવે છે. એથી શું ?
તમારે તો એમાથીયે માર્ગ કાઢવાનો છે. તમારે તો, પ્રકાશ અને જ્ઞાન સહોદિત દિપક,
જલવંત રાખવાનાં છે. પરોપકાર અને પ્રશંસાના પરિમલ પ્રસરાવવાનાં છે.

-શ્રી લાભુભાઈ ત્રિવેદી

તમારા શુભ સંકલ્પો ચારે દિશાને સર કરશે,
અને તમારા મૂલ્યો જ, અમારું જતન કરશે.

હાર કહો તો હાર, જીત કહો તો જીત.
નાના કહો તો નાના અને મોટા કહો તો મોટા.
ખેલદીલીથી ખેલીએ, હસતાં હસતાં ઝેલીએ ! દોડાય એટલું દોડીએ.
સારા માર્ગે ચાલીએ અને સૌનું સારું ઈચ્છીએ.

-શ્રી લાભુભાઈ ત્રિવેદી

# અસ્મદીયમ્

## અમારી પરંપરા

૨૦૧૮

**Smt. J. J. Kundalia Graduate Teachers' College**

Sant Kabir Road, Bedipara, Rajkot - 360003.
Email : jjkbed@gmail.com / Website : jjkbed.org
Blog : jjbed.blogspot.in

# સ્મૃતિ ગ્રંથનાં સ્મૃતિ અંશો...


| નં. | અનુક્રમણિકા | કર્તા |
|---|---|---|
| ૧. | સંપાદકનો સંવાદ | ડૉ. ચિરાગ એચ. માઢક |
| ૨. | શુભેચ્છા સંદેશ... | મહાનુભાવો |
| ૩. | આચાર્યશ્રીની કલમે... | ડૉ. અલ્પેશ જી. નાકરાણી |
| ૪. | મહાત્માં ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા સુવાસ... | ટ્રસ્ટ પરિવાર |
| ૫. | ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓ | ટ્રસ્ટ પરિવાર |
| ૬. | A Brief View of the Institution... | કોલેજ પરિવાર |
| ૭. | સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયાઓ... | કોલેજ પરિવાર |
| ૮. | Overview of the Current Manpower... | કોલેજ પરિવાર |
| ૯. | ઝળહળતા તારલાઓ.. | પ્રશિક્ષાર્થીઓ |
| ૧૦. | શિક્ષક નામની જાતિ લુપ્ત થઇ રહી છે? | ડૉ. અલ્પેશ જી. નાકરાણી |
| ૧૧. | વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરીએ | ડૉ. ચિરાગ એચ. માઢક |
| ૧૨. | શિક્ષકનું ઉત્તરદાયિત્વ | ડૉ. નિશા સી. રાણીગા |
| ૧૩. | Spiritual Maturity What is Spiritual Maturity? | ભૂમિકાબેન ચોઇથાણી |
| ૧૪. | પ્રશિક્ષાર્થીઓની સર્જનાત્મક અભિવ્યકિત. | પ્રશિક્ષાર્થીઓ |
| ૧૫. | પ્રવૃત્તિઓની તસ્વીરી ઝલક... | કોલેજ પરિવાર |
| ૧૬. | પ્રશિક્ષાર્થીઓની સર્જનાત્મક અભિવ્યકિત. | પ્રશિક્ષાર્થીઓ |
| ૧૭. | વર્તમાન પત્રોમાં સંસ્થાની નોંધ | કોલેજ પરિવાર |




# સંપાદકનો સંવાદ



આસી. પ્રોફે.
**ડૉ. ચિરાગ એચ. માઢક**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

સદભાગ્ય મારૂ કે મને શબ્દો મળ્યા તારે નગર જવા

નહિતો ચરણ લઈ ચાલવા બેસું તો વરસોનાં વરસ લાગે.

રંગીલા રાજકોટના છેવાડે આવેલી શિક્ષણ-પ્રશિક્ષણની અમારી સંસ્થામાં બે વર્ષના બી.એડ્.ની બીજી બેચના વર્ષાન્તે પ્રશિક્ષણાર્થીમાં સર્વાંગીણ વિકાસ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના ઘડતરની જે પ્રક્રિયા સહિયારા પ્રયાસે આદરી છે તે સમાજના સૌ સારસ્વતો સુધી શબ્દ દેહે પહોંચાડવાની પડકારરૂપ જવાબદારી મારા શિરે આવી છે ,

ઇંડાની અવર તણાં (તારે) માળેય મૂકી ડદે,

(એને) સોડેય સાચવજે, કે વાય થાપણ કાગડા.

જે રીતે ઉપરોક્ત કાવ્યપંક્તિમાં કવિ અન્યને ખોળે વિશ્વાસસભર દ્રષ્ટિકોણ સાચવવા મુકેલ ધન, સંપત્તિ કે બાળકનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની વાત કરે છે.એમ જ માતા-પિતા પોતાના વ્હાલાસોયા રડતાં સંતાનોને શિક્ષકના હાથમાં સોપી,શાળાના દરવાજાથી નિશ્ચિંત ભાવે પરત ફરતા હોય છે. તે માતા-પિતાનો વિશ્વાસ ટકાવી રાખનાર શિક્ષક અમો ઘડી શક્યા છીએ કે નહી તેનું મૂલ્યાંકનઆપ આ વાર્ષિક અંક દ્વારા કરી અમોને જણાવજો. આ માહિતીસભર વાર્ષિક અંકમાં અમે સૌએ સમજી બે વર્ષ દરમિયાન જે અભ્યાસિક ,સહ-અભ્યાસિક પ્રવૃતિઓ કરી છે,તેની કેમેરામાં કંડારેલી સ્મૃતિચિત્ર તથા અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક લેખિત અભિવ્યક્તિને આપ સૌ સુધી વાંચકમિત્રો સમક્ષ પ્રસ્તુત કરતાં જે.જે.કે.બી.એડ. પરિવાર આનંદ, સંતોષ અને ગૌરવની લાગણી અનુભવે છે. સૌની વાંચનની તૃષા સંતોષી શકીએ તેવી અભ્યર્થતા સહ .

આદર પ્રણામ....

**મુખ્ય સંપાદક**

ડો. ચિરાગ માઢક

**સહ-સંપાદકો**

ડો. અલ્પેશ નાકરાણી

ડો. નિશા સી. રાણીગા

**યુવા સંપાદક ટીમ**

| | |
|---|---|
| સાવલિયા અક્ષય | પટેલ પરિમલ |
| પરમાર પરાગ | કમાણી જનક |
| જોશી સંજય | જરેર સુનિતા |
| ડાભી મેહુલ | સોલંકી ભાવના |
| સાપરિયા ઉમંગ | જોગલ શાંતિ |
| મેહતા હરિપ્રિયા | રાઠોડ શૈલેષ |

## શુભેચ્છા સંદેશ



**મનસુખભાઈ જોષી**
મેનેજીંગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.

મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટની શિક્ષક-પ્રશિક્ષણની અમારી આ સંસ્થા 'અસ્મદીયમ વાર્ષિક અંકનું નિયમિત પ્રકાશન કરી રહી છે તે બદલ આનંદ અનુભવું છું.

શિક્ષણક્ષેત્રે આજના પડકારરૂપ સમયમાં પ્રવર્તમાન સમયની માંગને અનુરૂપ શિક્ષકોનું ઘડતર કરવા કોલેજ પરિવારના સૌ કાર્યકરો પૂરી ક્ષમતા અને નિષ્ઠાથી કાર્ય કરી રહ્યા છે તે નોંધપાત્ર છે.

આવો માહિતીસભર, અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની વિગતો રજુ કરવા માટે સંસ્થાના આચાર્યશ્રી તથા સૌ કર્મચારીઓએ સમગ્ર વર્ષ દરમિયાન જહેમત ઉઠાવી હશે તે આ અંક દ્વારા પ્રતિબિંબિત થશે જ એવી શ્રદ્ધાસહ

શુભાશિષ સહ

**મનસુખભાઈ જોષી**
મેનેજીંગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

## શુભેચ્છા સંદેશ



**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**

ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

**સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.**

શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કૉલેજ 'અસ્મદીયમ' અંકના પ્રકાશન દ્વારા વધુ એક વખત કૉલેજ કાર્યશૈલીની સુમધુર યાદોનું શબ્દચિત્ર ખડુ કરવા જઇ રહી છે તે જાણી આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

કોઇ પણ વ્યક્તિ/સંસ્થા પોતાના ભૂતકાળની શૈક્ષણિક કાળની યાદો સ્મૃતિ પર લાવે તે હંમેશા સુખદ જ હોય છે. 'અસ્મદીયમ' દ્વારા અમારી સંસ્થા માત્ર પ્રવૃતિઓનું કે વિગતોનું જ માત્ર પ્રકાશન નથી કરી રહી, પરંતુ આ સંસ્થામાં શૈક્ષણિક, બિનશૈક્ષણિક તથા પ્રશિક્ષાર્થીઓ અને વાલીશ્રીઓ... સૌએ પસાર કરેલા સંસ્મરણોનું પ્રકાશન થઇ રહ્યું છે. આ ગ્રંથમાં સૌ શારસ્વતોએ લખેલા લેખો અને અન્ય માહિતીસભર આ ગ્રંથ સૌને ઉપયોગી બની રહેશે તેવી શ્રદ્ધા સહ

શુભેચ્છા.

**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**
ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

## આચાર્યશ્રીની કલમે



સૌ સારસ્વતોને હૃદયપૂર્વક નમસ્કાર...

It is the supreme art of the teacher to awaken joy in creative expression and knowledge.

--Albert Einstein

સર્જનાત્મક અભિવ્યક્તિ અને જ્ઞાનમાં આનંદનું મિશ્રણ શિક્ષકનું શ્રેષ્ઠ કાર્ય છે. આ લક્ષ્ય સાથે ચાલીસ વર્ષથીએ વધુ સમયથી ગુણવત્તાયુક્ત, નિષ્ઠાપૂર્વક, ખંતપૂર્વક, નિયમિત અને શિસ્તબદ્ધ રીતે શિક્ષક-પ્રશિક્ષણનું કાર્ય કરતી સંસ્થાના ભાવિ શિક્ષકોને પોતાના જ્ઞાન અને કલાને અભિવ્યક્તિની પાંખો આપવાનો આ વાર્ષિક અંક સ્વરૂપે એક નાનકડો પ્રયાસ છે. શિક્ષકનું મુખ્ય કાર્ય સુષુપ્ત શક્તિને જગાડવાનું છે. જાતને જે ઓળખે જે એને બીજા કોઈને ઓળખવાની જરૂર નથી. લેખનકાર્ય વિસરાઈ રહ્યું છે. આધુનિક વિદ્યાર્થીઓ લેખન કાર્યને કી-બોર્ડ પર કે મોબાઇલના ટચ-પેડ પર લઈ જઈ રહ્યા છે. ત્યારે નાનકડા પુસ્તક સ્વરૂપે અમારી 'અસ્મદીયમ્' અભિવ્યક્તિને આપની સમક્ષ મુક્તા ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

વર્તમાન સમયમાં અનેક પડકારો વચ્ચે શિક્ષકે કાર્ય કરવાનું છે. સમય બદલાતો નથી માણસ બદલાય છે, વ્યવસ્થા બદલાય છે, સાધનો બદલાય છે, વિચારો અને દ્રષ્ટિકોણ બદલાય છે. શિક્ષણ વ્યવસ્થામાં અનેક પરિવર્તનો ઝડપથી થઈ રહ્યા છે. ડિજિટલ યુગમાં શિક્ષણ પણ ડિજિટલ બની રહ્યું છે. શિક્ષકે પણ ડિજિટલ બનવું પડશે નહીં તો શિક્ષકથી વિદ્યાર્થી જ્ઞાન અને અભિવ્યક્તિમાં આગળ નીકળી જાય એવું બને. સમય શિક્ષકની પરીક્ષા લઈ રહ્યો છે. જ્ઞાનવાન માણસ અને એક સાચો ચારિત્ર્ય યવાન નાગરિક સમાજને આપવાનું શિક્ષણનું હાર્દરૂપ લક્ષ્ય સિદ્ધ કરવા માટે શિક્ષક જાગે અને શિક્ષણની એ સાચી દિશામાં દોડે તે પ્રવર્તમાન સમયની જરૂરિયાત છે.

સંસ્થામાં અનેક મૂલ્યલક્ષી ઘડતર થાય, શિસ્તબદ્ધતા અને નિયમિતતા ગુણો ભાવિ શિક્ષકોમાં રોપાય તેવી અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બી.એડ. અભ્યાસક્રમને વર્તમાન શિક્ષણ વ્યવસ્થાએ જ્યારે બાહ્ય બનાવ્યો છે ત્યારે આ સંસ્થા તેને વધુ ને વધુ અંતરની ખોજ તરફ લઈ જઈ રહી છે. ગુણ અને ગુણવત્તા પ્રત્યેનો પ્રેમ સત્યની જેમ ક્યારેય નાશ પામશે નહીં તેઓ વિશ્વાસ છે.

સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને શિક્ષક-પ્રશિક્ષણના પાસા પર સમાન ભાર આપી સાચા અર્થમાં શિક્ષક ઘડતરનું કાર્ય કરી રહ્યા છીએ ત્યારે સંસ્થારૂપી રથના વાહકો એવા અધ્યાપકો ડો. ચિરાગભાઈ માઢક, ડો. નિશાબેન રાણીગા, વહીવટી કર્મચારીઓમાં લેબ આસિસ્ટન્ટ, રેખાબેન સગપરિયા, સાથી સહાયકો ગીતાબેન રાવલ, લલિતાબેન મૂલીયાણા, દેવજીભાઇ પરમાર, મુલાકાતી અધ્યાપક ભૂમિકાબેન ચોઇથાણી, એકાઉન્ટન્ટ વજુભાઈ મૂલીયા આ સૌનો હું ખૂબ જ આભાર માનું છું.

સમાજની સેવા અને સમાજને શ્રેષ્ઠ શિક્ષકો અર્પણ કરવાના ધ્યેય સાથે સ્થાપના કરાયેલ આ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શ્રી લાભૂભાઈ ત્રિવેદીના ચરણોમાં વંદન. આ યાત્રામાં સંસ્થાના આદરણીય મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનસુખભાઇ જોષી અને ટ્રસ્ટીશ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીનો સરળ, સહજ, મૂલ્યનિષ્ઠ સ્વભાવ અમોને સતત પ્રેરણા આપતો રહે છે. અમારા સંકલ્પને વધુ ને વધુ બળ આપતો રહે છે. અમને ખૂબ ગૌરવ છે......

ઇ. આચાર્ય
**ડૉ. અલ્પેશ જી. નાકરાણી**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

## મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની સેવા સૂવાસ

રાજકોટ શહેર અને સમગ્ર સૌરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૫૦ વર્ષથી અવિરતપણે શિક્ષણ વિકાસ માટે ભગીરથ પુરુષાર્થ દ્વારા ગૌરવભરી પ્રતિષ્ઠા મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટે હાંસલ કરી છે. ખાસ કરીને ટ્રસ્ટના આદ્યસ્થાપક ગુરુ સ્વ.શ્રી લાભુભાઇ ત્રિવેદી દ્વારા સ્થપાયેલ અને વિકસાવેલ સંસ્થાઓએ અવિરત પ્રગતિ સાધી છે.

ટ્રસ્ટની કુલ ૨૮ વિવિધ શૈક્ષણિક વિદ્યાશાખા સંબધિત સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત સેવાયજ્ઞ તો શરૂ જ હોય છે જેમા રકતદાન શિબિરો, આરોગ્ય શિબિર, રાહતકાર્યો , અપંગ તથા રકતપિતમૂકત દર્દીઓને પુનઃ વસન સાધન સહાય, અનાથ આશ્રમો, વૃદ્ધાશ્રમોને સહાય, વનસ્પતિપ્રદર્શન વગેરેનો પ્રવાહ સતત નિઃ સ્વાર્થ ભાવે વહેતો રાખે છે. ટ્રસ્ટના ભૂતપૂર્વ ચેરમેન સ્વ.શ્રી જયંતિભાઇ કુંડલિયા, ટ્રસ્ટીશ્રી સ્વ.અશ્વિનભાઇ મહેતા, ટ્રસ્ટીશ્રી સ્વ. ડૉ. ઉર્મિલાબેન પટેલના સિંચનથી ટ્રસ્ટની સેવા સુવાસ વધુને વધુ પ્રસરી છે.

પ્રવર્તમાન મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનસુખભાઇ નું સરળ, સહજ, હકારાત્મક વલણ હંમેશા જોમ પુરુ પાડે છે. ટ્રસ્ટીશ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીનું સદાયે સ્મિત વેરતુ મુખ, કાર્ય કરવાની તમન્ના, નિષ્ઠા વધારે છે. સંસ્થાની પ્રગતિલક્ષી દરેક પ્રવૃત્તિઓમાં તેમનો મજબુત આધાર અમોને સદાયે સમાજને વિશિષ્ટ યોગદાન માટે પ્રવૃત રાખે છે.

## ટ્રસ્ટી મંડળ



**શ્રી મનસુખભાઇ જોષી**
મેનેજીંગ ટ્રસ્ટી



**શ્રી ઉષાકાંતભાઇ માંકડ**
ટ્રસ્ટીશ્રી



**ડો. અલ્પનાબેન ત્રિવેદી**
ટ્રસ્ટીશ્રી

## મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓ

| ક્રમ | સંસ્થા | સ્થાપના વર્ષ |
|---|---|---|
| ૧ | કસ્તુરબા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૫ |
| ૨ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૬ |
| ૩ | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય બોયઝ હાઇસ્કૂલ | ૧૯૬૬ |
| ૪ | શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ | ૧૯૬૯ |
| ૫ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય | ૧૯૭૦ |
| ૬ | સરદાર પટેલ પ્રાથમિક (હાઇસ્કૂલ) | ૧૯૭૦ |
| ૭ | સરદાર પટેલ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૭૦ |
| ૮ | શ્રીમતી જે.જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (અગ્રેજી માધ્યમ) | ૧૯૭૩ |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય (અગ્રેજી માધ્યમ ) | ૧૯૭૪ |
| ૧૦ | કસ્તુરબા કન્યા વિદ્યાલય (હાઇસ્કૂલ ) | ૧૯૭૫ |
| ૧૧ | સદ્ગુરૂ બાલમંદિર | ૧૯૭૬ |
| ૧૨ | સદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૭૭ |
| ૧૩ | શ્રીમતી જે.જે. ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | ૧૯૭૭ |
| ૧૪ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય (અગ્રેજી માધ્યમ) | ૧૯૭૭ |
| ૧૫ | માતુશ્રી આનંદમયી કન્યા વિદ્યાલય | ૧૯૮૨ |
| ૧૬ | શ્રી રાધાબાઇ અકબરી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૪ |
| ૧૭ | માતુમંદિર હાઇસ્કૂલ (અગ્રેજી માધ્યમ) | ૧૯૮૫ |
| ૧૮ | માતુમંદિર પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૫ |
| ૧૯ | રમેશભાઇ છાયા બોયઝ હાઇસ્કૂલ | ૧૯૮૬ |
| ૨૦ | શ્રી રમેશભાઇ છાયા કન્યા વિદ્યાલય | ૧૯૮૬ |
| ૨૧ | શ્રી રમેશભાઇ છાયા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૮ |
| ૨૨ | શ્રી મીનાબેન કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૧૯૯૦ |
| ૨૩ | જગદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૪ |
| ૨૪ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.બી.એ.કોલેજ | ૧૯૯૬ |
| ૨૫ | જગદ્ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૮ |
| ૨૬ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.સી.એ.કોલેજ | ૨૦૦૦ |
| ૨૭ | જગદ્ગુરૂ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય | ૨૦૦૦ |
| ૨૮ | શ્રી લાભુભાઇ ત્રિવેદી ઇન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી | ૨૦૦૯ |

# A Brief View of the Institution



Smt. J. J. Kundalia Graduate Teachers' College is a premier Teacher Education College, established in 1977 affiliated to Saurashtra University and is one of the seven Grant-in-aid B.Ed. Colleges of Saurashtra region. This institute has been approved by NCTE., UGC and Gujarat State Government. The college has undergone NAAC accreditation and accredited Grade ''B'' with CGPA 2.02 and "AAA" assessment procedure by Gujarat Government and is given "A' grade.

The founder trustee of the college, Late Shri Labhubhai Trivedi, former Pro VC of Saurashtra University, a purely academic and committed person to education. This College offers Training Course leading to the Degree of Bachelor of Education. The institute is co-educational. The college enjoys the unique advantage of a peaceful academic environment. The college possesses an efficient infrastructure which includes spacious and well lit classrooms, Science laboratories and Digital Language Learning lab, library, recreation room, and a spacious play-ground. The most endearing is the hostel for girls conveniently located in the college campus.

**Vision and Mission:**

The core motto of the institute is तमसो मा ज्योतिर्गमय Our vision is to provide good Teachers to Society. Only good teachers give good education only good education enrich Society and Indian Values of Life.

Our mission is to abolish darkness and lead light to society, to nurture the inner potentiality, talents and cultivate strong personality, to promote, establish and protect the subtle spiritual values of life.

**Curricular aspects**

Ours is a Bachelor of Education programme. We prepare teachers professionally strong with value based education. We offer different methods of teaching i.e. Gujarati, Hindi, Sanskrit, English, Mathematics, Science, History, Geography and Accountancy methods.

**Teaching-learning process**

We aim to develop overall personality of teacher, so we give all types of experiences to them. It means skills of teaching, prayer, to handle all the programmes, management of all the things. We also give them teaching of techniques, technology, healthy competition, learning environment, friendly relations, co-operation and punctuality.

**Research consultancy and extension**

Research culture prevails on the campus. Our all the staff members (Five) are Ph.D. degree holders. All the faculty members are actively participating in conferences, seminars and workshop. All the members are U.G. and P.G. recognized teachers.

**Healthy Practices**

Our everyday assembly prayer contains good educational thought, good special reading, Omkar Mantra, Book Review, singing of Vande Mataram, Institute observes all cultural festival, National festivals and develop cultural, Spiritual, National spirit and values. College observes the birthday of all students and gives them a book that inspires them.

'' શિક્ષક આદર્શ બની છલકાયા કરે,
વિદ્યાર્થી પડછાયા થઈ મલકાયા કરે.''



## સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયા



**ડૉ. બી.યુ. પારેખ**
(ગણિત) આચાર્ય



**સ્વ. શ્રી શામજીભાઈ એમ. ઝાલા**
(ઈતિહાસ) ઇનચાર્જ આચાર્ય



**શ્રી તારાબેન શાહ**
(ગણિત) આચાર્ય



**ડૉ. સુહાસીનીબેન શાહ**
(કોમર્સ) ઇનચાર્જ આચાર્ય



**ડૉ. જગન્નાથભાઈ ડી. વ્યાસ**
(હિન્દી) આચાર્ય



**ડૉ. કુરજીભાઈ એમ. દોંગા**
(ગણિત) ઇનચાર્જ આચાર્ય



**ડૉ. શર્મિષ્ઠાબેન વ્યાસ**
(ભૂગોળ) આચાર્ય



**ડૉ. પ્રિયકાંતભાઈ એમ. સ્વામિ**
(ગુજરાતી) પ્રાધ્યાપક



**ડૉ. કેશુભાઈ વી. રાઠોડ**
(વિજ્ઞાન) પ્રાધ્યાપક



**ડૉ. દિવ્યાબેન બી. રાવલ**
(સંસ્કૃત) આચાર્ય



**ડૉ. પારૂલબેન સી. દવે**
(કોમર્સ) ઇનચાર્જ આચાર્ય

# Overview of the Current Manpower

## Teaching



**Dr. Alpesh G. Nakrani**
I/C. Principal Assist. Prof. (English)
M.A.M.Ed.,M.Phil.,Ph.D.UGCNET.GSET



**Dr. Nisha C. Raninga**
Assist. Prof. (Science)
M.Sc.,M.Ed.,Ph.D.,GSLET



**Dr. Chirag H. Madhak**
Assist. Prof. (Mathematic)
M.Sc., M.Ed., M.Phil., Ph.D.

## Non-Teaching



**Mr. Vajubhai Muliyana**
Accountant



**Mrs. Rekhaben L. Sagpariya**
(Lab. Assist.)

## Class-4



**Geetaben Y. Raval**



**Lalitaben G. Muliyana**



**Devjinbhai M. Parmar**

## સંસ્થાનું અદ્વિતીય અતીત

## STAR STUDENTS OF THE COLLEGE

| Sr. No. | Year | Name | Percentage (%) | Rank in Uni. | Rank in College |
|---|---|---|---|---|---|
| 1 | 1982-83 | Dhadhal Parakashba | 82 | 1st | 1st |
| 2 | 1985-86 | Moliya Mansukh | 79.60 | 1st | 1st |
| 3 | 1989-90 | Pundir Alka M. | 87.20 | 1st | 1st |
| 4 | 1990-91 | Kundaliya Mala C. | 88.20 | 1st | 1st |
| 5 | 1991-92 | Bhutak Haresh P. | 88.70 | 1st | 1st |
| 6 | 1992-93 | Shah Smita N. | 90.20 | 1st | 1st |
| 7 | 1993-94 | Phethani Manisha B. | 90.30 | 4th | 1st |
| 8 | 1994-95 | Joshi Nirali A. | 89.80 | 1st | 1st |
| 9 | 1995-96 | Kathiriya Jitendra K. | 84.33 | 2nd | 1st |
| 10 | 1996-97 | Joshi Jasmine | 89.80 | 1st | 1st |
| 11 | 1997-98 | Hapaliya Varsha C. | 89.17 | 1st | 1st |
| 12 | 1998-99 | Mehta Sanjay N. | 95 | 1st | 1st |
| 13 | 1999-2000 | Rankja Komal D. | 92.5 | 1st | 1st |
| 14 | 2000-2001 | Pambhar Ramesh M. | 94 | 1st | 1st |
| 15 | 2001-2002 | Pandit Archana V. | 94.43 | 1st | 1st |
| 16 | 2002-2003 | Chande Usha N. | 96.09 | 1st | 1st |
| 17 | 2003-2004 | Pandya Bhavika G. | 95.73 | 1st | 1st |
| 18 | 2004-2005 | Jetpariya Rajesh M. | 95.05 | 2nd | 1st |
| 19 | 2005-2006 | Benaraji Supriya | 96.90 | 1st | 1st |
| 20 | 2006-2007 | Jotawa Amu R. | 91.70 | 4th | 1st |
| 21 | 2007-2008 | Mulani Gita M. | 93.43 | 1st | 1st |
| 22 | 2008-2009 | Sherasiya Samir I. | 93.71 | | 1st |
| 23 | 2009-2010 | Kaneriya Snehal J. | 90.76 | | 1st |
| 24 | 2010-2011 | Chavda Piyush M. | 93.66 | | 1st |
| 25 | 2011-2012 | Patel Puja P. | 94.17 | | 1st |
| 26 | 2012-2013 | Parmar Aradhana M. | 93.43 | | 1st |
| 27 | 2013-2014 | Dhoraliya Nayan | 93.53 | | 1st |
| 28 | 2014-2015 | Trivedi Anjali K. | 95.37 | | 1st |
| 29 | 2015-2017 | Mehta Kinjal | 94.72 | | 1st |
| 30 | 2016-2018 | Result Awaited... | | | |

# શિક્ષક નામની જાતિ લુપ્ત થઇ રહી છે?



ઇ. આચાર્ય
**ડૉ. અલ્પેશ જી. નાકરાણી**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

જોન એફ. કેનેડી કહ્યું હતું કે ''Change is the law of life. And those who look only to the past or present are certain to miss the future.'' પરીવર્તન જીવનનો નિયમ છે અને જેઓ ભૂતકાળ કે માત્ર વર્તમાનમાં જીવે છે તે ભવિષ્ય ચૂકી જશે. ભારતીય શિક્ષણ પદ્ધતિનો ભવ્ય ભૂતકાળ, ચિંતાજનક વર્તમાન અને જો આમ ચાલતું રહ્યું તો ભવિષ્ય કેવું હશે?? શિક્ષણનો અર્થ, મહત્વ, હેતુ, પદ્ધતિ, માધ્યમ, શિક્ષક, વિદ્યાર્થી, શાળા, અધ્યયન અને અધ્યાપન આ બધામાં છેલ્લા કેટલાક વર્ષોમાં જે પરિવર્તનનું વાવાઝોડું ફૂંકાયું છે તેણે અનેકને ઝપટે લીધા. તેમાં શિક્ષક સૌ પહેલા આવી ગયો. એવું લાગી રહ્યું છે કે 'શિક્ષક' નામની જાતિ આ પૃથ્વી પરથી લુપ્ત થઇ રહી છે. કોઇ પણ પ્રાણીની જાતિ લુપ્ત થવા પાછળ સામાન્ય રીતે બે કારણો જવાબદાર હોય પોતે અથવા વાતાવરણ. શિક્ષણ આપવાની નામની હાટડીઓ ખોલીને બેઠેલા વેપારીઓ માટે શિક્ષક એક ફેક્ટરીમાં કામ કરતો કર્મચારી બનીને રહી ગયો છે. ઘણી ખાનગી શાળાઓમાં શિક્ષક એક મજૂરની જેમ કામ કરે છે. સાચા શિક્ષકોને આવું વ્યાપારી વાતાવરણ સ્વાભાવિક છે કે માફક ન આવે. પરીવર્તન જીવનનો નિયમ છે પણ સાચી અને સારી દિશામાં પરીવર્તન આવકાર્ય હોય. ખોટી દિશામાં અને હાનિકારક પરીવર્તન લઇ ડૂબે. શિક્ષણની હાલત પણ કઇક આવી જ થઇ છે. અને સમાજ કઇ બાકી નહીં રહે!??

શાળાઓમાં શિક્ષક વર્ગની અંદર કરતાં વધુ વર્ગની બહાર રહે છે. વર્ગ કાર્ય કરતાં વધુ વર્ગેત્તર કાર્યો કરવા પડે છે. શિક્ષકને અનેક પરીપત્રો મુજબ પ્રવૃત્તિઓ કરવાની અને કરાવવાની, અહેવાલો બનાવવાના, ફોટા પાડવાના, કમ્પ્યુટરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની, ચૂંટણીની કામગીરી કરવાની, વસ્તી ગણતરી કરવાની બસ પછી સમય બચે તો શિક્ષણ કાર્ય કરવાનું. ને છેલ્લે જ્યારે 'ગુણોત્સવ' નામે મૂલ્યાંકન કરવાનું આવે ત્યારે ગુણ અને ઉત્સવ બંનેની ગેરહાજરી જોવા મળે. ખાનગીકરણને લીધે શિક્ષક તરીકે પ્રશિક્ષણ લીધા વિના હજારો શિક્ષકો ફરજ બજાવે છે અથવા પ્રશિક્ષણનું છાપેલું ગુણપત્રક મેળવનારા ઓછા નથી. શિક્ષકનો માં તરીકેનો સ્વભાવ લુપ્ત થતો જાય છે. નબળા શિક્ષકો નબળી પેઢી આપશે એવી સાદી સમજ આપણા સમાજમાં નથી. શિક્ષકને મળતો આદર લુપ્ત થઇ રહ્યો છે. શિક્ષકના શબ્દમાં હવે વજન કેમ પડતું નથી??? શિક્ષકને કેમ સરકાર કે સમાજ પાસે માંગવુ પડે!????આ કઇ ભારતીય સંસ્કૃતિ આપણે અનુસરી રહ્યા છીએ. કશે ન ચાલનારને બી.એડ. કરવું એક સહજ પ્રવૃત્તિ છે. શિક્ષકને માં બાપ થઇએ વિશેષ સ્થાન ક્યાં??? સમાજ અને સરકારને આ અતિ ઘાતકી ભૂલ જેટલી વહેલા સમજાય એટલું દેશ અને પ્રજા માટે સારું છે. અન્યથા ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં પિસાઇ રહ્યું છે એમ કહેવામા ખોટું નહીં લગાડતા.

અરે !! કોઇ શિક્ષકો માટે અભ્યારણ્ય બનાવો, રાષ્ટ્રીય ઉદ્યાનો બનાવો. શિક્ષક માટે કેટલાક સંરક્ષિત વિસ્તારો અને કાયદાઓ બનાવો. નહિ તો ''કાષ્ટને ચંદન કરે, ઉરને નંદન કરે'' આવા શિક્ષકોના સંગ્રહાલયો બનાવવા પડશે. કવિ સુંદરમ કહે છે હું માનવી માનવ થાઉં તો યે ઘણું એમ શિક્ષક શિક્ષક થાઉં તોયે ઘણું!! પણ મારા પગમાં આ બેડીઓ કેમ બાંધો છો?? મને ઉડવા દો, વિહરવા દો, મને સ્વતંત્રતા આપો, મારા વર્ગને અને મારા વ્હાલા વિદ્યાર્થીના જતન-વિકાસ માટે માટે મોકળું મેદાન આપો. શું કોઇ માંને તેનું માતૃત્વની તાલીમ આપે છે? સાચો શિક્ષક સતત જાતે વિકાસતો રહે છે. તેને દર મહિને તાલીમની દવાના ડોઝની જરૂર નથી. મને બચાવો...

**ગંગાજળ:**

''Those who educate children well are more to be honored than parents,
for these only gave life, those the art of living well.''

---Aristotle

# વ્યથાને વ્યવસ્થામાં પરિવર્તિત કરીએ



આસી. પ્રોફે.
**ડૉ. ચિરાગ એચ. માઢક**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

માત્ર સ્વ ની વિચારસરણીથી વિરુદ્ધ

વિચાર,આચાર- વ્યથાને વ્યવસ્થામાં પરીવર્તિત કરી શકે છે

પ્રવર્તમાન સમયમાં ઘર, કુટુંબ, જ્ઞાતિ, ઉદ્‌યોગ, રમત- ગમત ક્ષેત્રે તો ઠીક પણ શિક્ષણક્ષેત્રે પણ દરેક વ્યક્તિ કોઈને કોઈ વ્યથા અનુભવે છે,આ વ્યથાનું કારણ કેટલેક અંશે સમાજમાં દિવસે – દિવસે વધતી જતી Self Centered કે Selfishnessની વિચારસરણી પણ એક કારણ હોય શકે છે.

આજનો 21મી સદીનો વિકસિત વ્યક્તિ માત્ર પોતાનું જ વિચારતો થઈ ગયો છે. શિક્ષણ વ્યવસાય કે અન્ય ક્ષેત્રે તો સમજ્યા પરંતુ કુટુંબ કે ઘરમાં એક છત નીચે રહેનારા સૌ પરિવારજનોના પણ પોતપોતાના schedules, વિચારસરણી કે અલગ અલગ જીવનશૈલી જોવા મળે છે.

જો સર્વની આ વ્યથાને સૂચારુ વ્યવસ્થામાં પરીવર્તિત કરવી હોય તો સ્વ કેન્દ્રિત વિચારસરણી કે અભિગમને બાજુ પર મૂકી, પોતાના બદલે અન્ય વિશે વિચારવાનું શરૂ કરવું પડશે. પોતાના ઘર,સમાજ કે આસપાસના વાતાવરણમાં અન્ય વ્યક્તિઓના અસ્તિત્વને ઓળખવું-સમજવું અને તેમનો પણ સ્વીકાર કરવો તેની ખૂબ જ જરૂરી છે.

આપણી ઋષિ પરંપરા કે વૈદિક પ્રણાલીમાં પણ સહુંના અસ્તિત્વને સ્વીકાર કરતાં કેટલાક મંત્રો કે શ્લોકો પણ છે.જેમ કે, .

"ॐ सहना ववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवा वहै।
तेजस्विना वधी तमस्तु मा विद्विषावहै ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

વ્યથાને વ્યવસ્થામાં બદલાવવા ...ચાલો,
હું નહીં પણ અમે...
મારું નહીં પરંતુ આપણું...
સ્વ"નું નહીં પણ સર્વનું વિચારીએ ....

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत्।

# શિક્ષકનું ઉત્તરદાયિત્વ



આસી. પ્રોફે.
**ડૉ. નિશા સી. રાણીગા**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

**"નગારાનો અવાજ કેવળ યુદ્ધ અને આરતીમાં હોય છે.**

**સાચા શિક્ષકનો અવાજ તેના વિદ્યાર્થીમાં હોય છે."**

મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતા-પિતા પછી એને શિક્ષિત કરનાર શિક્ષક-ગુરુનું સ્થાન વરિષ્ઠ છે.આપણી સંસ્કૃતિ અને ધર્મની ઇમારતનો પાયો જ્ઞાન છે.જ્ઞાન મેળવવા માટે ગુરુનું હોવું અતિ આવશ્યક છે.વેદમાં એક જગ્યાએ શિક્ષકને 'ગાતુવિદ' કહ્યો છે.'ગાતું' એટલે ગમન માર્ગ અને 'ગાતું વિદ એટલે ગમન-માર્ગને ખોળનારો'.જેને અંગ્રેજીમાં 'path finder' કહે છે.શિક્ષક માટે વેદનો આ વિશેષ શબ્દ છે.વેદ શિક્ષકને અત્યંત શક્તિશાળી માર્ગદર્શકના રૂપમાં જુએ છે.શિક્ષક પ્રેરણાના ફુવારાથી બાળકરૂપી મનને સિંચીને તેના પાયાને મજબૂત કરે છે.અને તેના સર્વાંગીણ વિકાસ માટે તેનું માર્ગદર્શન કરે છે.આદર્શ શિક્ષક એક વહેતી નદી જેવો છે.તેના મનમાં નાતજાતના ભેદ નથી,જેના સ્વભાવમાં પ્રવાહિતા છે,સર્વને સમાવી શકે તેવું વિશાળ હૃ દય છે.સર્વને સમાનભાવે અને નિ:સ્વાર્થભાવે વહેચવાની નદીવૃત્તિ છે.નદીને''મે કર્યું ના કોઈ ભાવ નહીંને અહંકારનો છોટો નહી''.મહાસાગરમાં ભળી જવાનું.,તેને પોતાનું અસ્તિત્વ મીટાવી સમર્પિત થઈ જવાનું'માસ્તર' પણ ખળખળ વહેતી સરિતા જેવો છે.નદીની ઉપમા મળવાથી માસ્તર શબ્દ વધુ ગૌરવવંતો બને છે.આજના બાળક પાસે સમય સારી રીતે પસાર કરવાના મનોરંજનના ઘણા સાધનો છે ટી.વી.-સિરિયલો,કાર્ટૂન,વિડીયો-ગેમ્સ,એમ્યુઝમેંટ પાર્ક્સ,સંગીત,નૃત્ય,રમતગમત...વગેરે ..આ બધુ બાળકોને આકર્ષે છે.તેની સરખામણીમાં બાળકને શિક્ષણ પ્રમાણમાં નીરસ લાગે છે.તેથી આજના શિક્ષકની તમામ મહેનત અભ્યાસસામગ્રીને વધુ રસપ્રદ બનાવવાની દિશામાં ખર્ચાવી જોઇયે.દરેક બાળક શીખવા માગે છે.આપણે શિક્ષક તરીકે એમને શીખવા માટેનું સારું વાતાવરણ ઊભું કરી આપવાનું છે.વાતાવરણમાં બાળક કેન્દ્રસ્થાને હોય,એના જિજ્ઞાશા અને કુતૂહલ દબાઈ ન જાય,પ્રશ્નો પૂછવાનું ઉત્તેજન મળે,એનું ગૃહકાર્ય કરવાનું,ભણવાનું,યાદ રાખવાનું ન હોય વિદ્યાર્થીને મજા આવતી હોય એટલે એ ભણે અને એને રસ પડતો હોય એવો આપોઆપ યાદ રહી જાય.મોટાભાગના શિક્ષકો આવું વાતાવરણ ઊભું કરી શકતા નથી.કોઈ પણ વિદ્યાર્થીને પૂછીએ કે તાસ શરૂ થતાં પહેલા તેની મનોસ્થિતિ કેવી હોય તો કાંઈક આવો જવાબ મળશે-મનમાં ભય રહે છે કે હમણાં શિક્ષક આવશે,ગૃહકાર્ય ચેક કરશે,ધમકાવશે,નહી આવડે તો ગુસ્સે થશે,અપમાનિત કરશે.,વગેરે. 'ભય' પામવો અને ''શીખવું'' એ બે ક્રિયાઓ એકસાથે થઈ શકતા નથી.શિક્ષક દ્વારા બાળકના સ્વમાન પર જાણ્યે-અજાણ્યે આઘાત થાય તો બાળક પ્રસન્નતા અને ઉત્સાહ ગુમાવી બેસે છે.તે એકાગ્ર ચિત્તે ભણી શકાતું નથી.બાળકને સારી રીતે ભણાવવા માટેનું વાતાવરણ પૂરું પાડવામાં શિક્ષકનું પોતાનું વ્યક્તિત્વ મોટો ભાગ ભજવે છે.શિક્ષકમાં અંત:સ્ફુરણ,ભણાવવાની મૌખિક પદ્ધતિ ,નિષ્ઠા અને સંવાદિતા ભારોભાર ભરેલી હોવી જોઇએ.આ બધા ગુણો ઉત્સાહમાથી જન્મે છે અને ઉત્સાહનું મૂળ આંતરિક પ્રસન્નતા હોય છે.બાળકની આંખમાં મનગમતા શિક્ષક માટે જે આદર હોય છે તેની કિંમત કોઈ પણ વેતન કરતાં વધારે હોય છે.જો જાગૃત શિક્ષક સતત વિકસતો રહે અને મર્યાદાને ભેદતો રહે તો ઉત્તમ શિક્ષક બનવું કઠીન નથી.હું શિક્ષક છે અને વિદ્યાર્થીઓમાં સુષુપ્ત રીતે રહેલી દિવ્યતાને જાગૃત કરવાની મહાન જવાબદારી ઈશ્વરે મને સોંપી છે.આ કર્તવ્ય જ શિક્ષકને આત્મગૌરવ બક્ષે છે.આજનો શિક્ષક વર્ગકાર્ય કરવામાં એટલો વ્યસ્ત હોય છે કે શિક્ષકત્વનો ગર્વ લેવાનું ભૂલી જાય છે.શિક્ષક સમાજ અને રાષ્ટ્રની પ્રગતિનો આધારસ્તંભ છે.

"શબ્દ એક જ બદલાય તો અર્થ બદલાય છે. કદમ એક જ બદલાય તો દિશા બદલાય છે.

ફૂલ એક જ બદલાય તો સુગંધ બદલાય છે. શિક્ષક એક જ બદલાય તો સમાજ બદલાય છે."

## Spiritual Maturity
## What is Spiritual Maturity?



વિઝીટીંગ ફેકલ્ટી
**ભૂમિકાબેન ચોઈથાણી**
શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુ.
ટીચર્સ કોલેજ, રાજકોટ.

1)Spiritual maturity is when you stop trying to change others. Instead focus on changing yourself.

As a human psychology all people used to change the world but a real fact is that change is comes from inside not an outside. A soul is a power for all and if you want to do anything new you should listen your inner voice.

(2)Spiritual maturity is when you accept people as they are.

As a human being nowadays acceptance level of new generation is lower than the old age. Live in a present and think always positive for development of human being in all aspects.

(3)Spiritual maturity is when you understand everyone is right in their own perspective.

Life is a long path. There are difficulties and threats day by day in it. So solution of any problem is that “all are right and no one is wrong: according to their situation. To get peaceful environment in any moment put yourself into their situations.”

(4) Spiritual maturity is when you learn to let go.

'To Let Go' is the key of success of any person. In any field you should learn to let go in small things. A person whose capacity is high for (let go) this habit is always get success in any field.

(5) Spiritual maturity is when you are able to “drop expectations” from a relationship and give for the sake of giving.

As a teacher or parents should develop their students or child's habit of sharing and giving from childhood.

A person who is able to drop expectations from others can live his own life with happiness.

(6)Spiritual Maturity is when you understand whatever you do; you do for your own peace.

To develop confidence for any person should obey the rule of “Learning by doing”.

(7)Spiritual Maturity is when you stop comparing with others.

God has gifted every person with their own special abilities so never compare with others.





**જીવનના સાત પગલા**

**1.જનમ :**

અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે

**2. બચપણ :**

મમતા નો દરિયો છે જે પ્રેમ થી ભર્યો છે,જે ડૂબી શક્યો તે તરી ગયો છે.

**3. તરુણાવસ્થા :**

કંઈ વિચારો , કંઈ આશાઓના પહાડ છે,મેળવવાની અનહદ આશા અને લૂંટવાની તમન્ના છે.તરુણાવસ્થા એટલે તરવરાટ , થનગનાટ અને અનેક નવી મૂંઝવણ.

**4. યુવાવસ્થા :**

બંધ આંખો નું એ આંધળી સાહસ છે.તેમા જોશ છે, ઝૂનુન છે, ફના થવાની ઉમ્મીદ અને કુરબાન થવાની આશા છે.

**5. પ્રૌઢાવસ્થા :**

ખુદને માટે કશુ વિચારતા, બીજા માટે કરી છૂટવાની ખુશી છે, કુટુંબ માટે કંઈ કરી છૂટવાની જીજીવિશા છે.

**6. ઘડપણ:**

વિતેલા જીવનના સરવાળા બાદબાકી છે, જેવુ વાવ્યુ તેવુ લણવાનો સમય છે.

**7 .મિણ :**

જીંદગીની કિતાબના પાના ખુલ્લા થશે. નાખીએ નાખીએ કર્મ તૂટશે. પાપ – પૂણ્યનો મૉંગ ખુલશે, ધર્મ-કર્મનો હિસાબ થશે, પોતાના નો પ્યાર છૂટશે, અને સાત પગલા પૂરા થશે.

માટે સાત પગલાની પાણી પહેલા પાળ બાંધો.

-જોષી મીત્તલ



**સગપણો**

સગપણો આ અટકળો લગ ના રહ્યાં,
થઈ ગયાં નક્કર એ લગભગ ના રહયાં.

સ્વપ્નવત મંઝિલનું મળવું થઈ ગયું,
માર્ગ આવ્યો હાથ તો પગ ના રહ્યાં.

નામ પાડીએ તો શેનું પાડીએ,
ના રહ્યાં ગાંઠે મરી, મગ ના રહ્યાં.

એ વસ્યા તો મંદિરો પાસે વસ્યા,
પંડિતો ઈશ્વર લગોલગ ના રહ્યાં.

એકઠાં સૌ 'રાજ' દિલમાં થઈ ગયાં,
દર્દ લોહીનાં ય રગરગ ના રહ્યાં.

**હેરમા પ્રિયા**



હું પણ રચુ છું કાવ્ય
એમ વિચારું તો સારું લાગે,
આ અકળાતા એકાંત માં
થોડું કાંઈક તો મારુ લાગે,.

તું રહેજે સંગાથે હંમેશા
તારા વિના તો અંધારુ લાગે,
અમૃત પિશુ આપણે સાથમાં
એકાંત મા મૃગજળ ખારુ લાગે ,
ન રહે કોઈ મારા હાથમાં
તોય જીવન પ્યારું લાગે .

-જયપાલ નેહલ





## શું કરવું નહિ પડે?

વિચારીને બોલશો તો થુકેલું નહિ ચાટવું પડે.
સાચું બોલશો તો બોલેલું યાદ નહિ રાખવું પડે.
સમયસર રહેશો તો ક્યારેય નહિ ભાગવું પડે.
દિવસે મહેનત કરશો તો રાત્રે નહિ જાગવું પડે.
નીતિવાન હશો તો મંદિર નહિ જવું પડે.
તમે પ્રમાણિક હસો તો વચન નહિ આપવું પડે.
જો સારા જ હશો તો સારા નહિ લાગવું પડે.
અને સંતોષી હશો તો ઈર્ષાથી નહિ દાઝવું પડે.
દ્રઢ હશો તો કોય ના તલે નહિ નાચાવું પડે.
આચરણમાં શુદ્ધ હશો તો મન નહિ માંજવું પડે.
દિલ મોટું હશે તો ઘરનું કદ નહિ માપવું પડે.
મન ખુલ્લું હશે તો બીજું કશુય નહિ ઢાકવું પડે.

-અકબરી વૃંદા



## સંબંધ એટલે શું ?

જયાં શબ્દો ગોઠવાય વગર વાત કરી શકાય,
આંસુ છુપાવવા વગર રડી શકાય,
સંકોચ રાખ્યા વગર મદદ માંગી શકાય, જ સાચો સબંધ
ભુખ તો સંબંધોને પણ લાગે છે
ક્યારેક પ્રેમ પીરસીને તો જો જો...!!
ખ્યાલ આવી જશે કે સંબંધ
કેટલો ભૂખ્યો છે...!
-દવે પૂજા



## શૈક્ષણિક કાવ્ય *

....... આંકડા શાસ્ત્ર મા કોણ કોણ આવે....!
ફિશર આવે ને
સૂચક આંક લાવે
આંકડા શાસ્ત્ર મા કોણ કોણ આવે..!
ટિપેટ આવે ને
સંખ્યાના કોષ્ટકો લાવે
આંકડા શાસ્ત્ર મા કોણ કોણ આવે. ...!
કાર્લ પિયરસન આવે ને
ગુણન પધાત લાવે
આંકડાશાસ્ત્ર મા કોણ કોણ આવે
ગાલ્ટન આવે ને
નિયત સંબંધ લાવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે. ..!
સી..એફ. ગૉસ આવે ને
ન્યૂનતમ વર્ગોની રીત લાવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે. ...!
પાસ્કલ – ફર્મા આવે ને
સંભાવના ના ખ્યાલો લાવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે...!
જેમસ બનુલી આવે ને
દ્વપદી વિતરણ આવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે. .!
ડી.મોઈવ્ર આવેને
પ્રામાણ્ય વિતરણ લાવે
આંકડાશાસ્ત્રમાં કોણ કોણ આવે
સામયિક શ્રેણીઓ આવે ને
વધઘટ લાવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે. .!
ગુણોત્તર શ્રેણીઓ આવેને
પદોના સરવાળાઓ લાવે
આંકડા શાસ્ત્ર માં કોણ કોણ આવે...!
ન્યૂટન આવેને
અંતર્વેશન –બહિર્વેશન લાવે
(જોષી ક્રિષ્ના)






## આખરી દિવસ

મન થાય છે કે આજે મન ભરી રોઈ લઉ.
હજી તો જાણે કાલે એડમિશન લીધું.
ને આજે વિદાયની ઘડી આવી ગઈ.
મિત્રોને ઘડી બે ઘડી મળીયા ના મળીયા.
ત્યા તો જુદાઈની ઘડી આવી ગઈ.
ન હતી ખબર કે સમય નુ મૌન આટલુ  વાચાળ બની જશે.
ખાટા મીથા  સંભારણા જીવન ભર યાદ રહેશે.
કદાચ કોઈને પ્રેમ તો કોઈને ને ફરિયાદ રહેશે.
એકબીજા ની ભૂલ બની શકે તો માફ કરી દેજો.
વહાલા ના આસુંઓથી તમારા દિલ ને સાફ કરી દેજો.
ભલે ને હોય ભૂલવાની આદત
પણ યાદ ના આવે તો કહેજો મને.
જતા જતા તમારી આંખોમાં
આંસુ ના આવે  તો કહેજો મને..................

-તુંબડા હર્ષિતા વી.



### સમજણ સંબંધોની

સંબંધની સંધી છૂટી પડતા બને છે સ+ બંધ
એતો હોય છે બે વ્યક્તિની લાગણીઓને જોડતો બંધ,
પરંતુ કયારેક પ્રવેશે છે એમા શંકાની થોડી ગંધ,
ને પડે છે તીરાડ, જે હતો અત્યાર સુધી અકબંધ,
પરંતુ જો હશે આપણી પાસે વિશ્વાસની સુગંધ,
તો ગાબડામાં  પરિણમતી તીરાડનો બાંધશું અનબંધ,
ને બનાવી દેશું એ સંબંધને "અજરામર બંધ"(dam),
જો નહી  હોય વિશ્વાસ તો, લાગણીનો પ્રવાહ થઈ જશે"બંધ"(stop),
તો ચાલોને આપણે સમજીએ થોડો સંબધોનો બોધ.

-મેણીયા રેખા એસ.



## મજા ક્યાં છે?

કરીએ સુખી સંપન આપણો દેશ,
નકામો ખોટો ઘોંઘાટ કરવાની મજા કયાં છે?
હોય ઈર્ષા, દુખ, કંકાસ અને મોટો કલેશ,
નિરંતર જીવન જીવવાની માનવ મજા કયાં છે?
કાળો, લીલો, પીળો, લાલ સહુંના રંગ,
મેઘધનુષ મા સારુ નરસુ કરવાની મજા કયાં છે?

નાના મોટા અમીર ગરીબ નો મોટો વહેમ,
મન પર નકામો બોજ ઉપાડવાની મજા કયાં છે?
આપીએ આપણા દુશ્મન ને અનરો પ્રેમ,
જુદા ભાગલા પાડવાની સજીવ મજા કયાં છે?
સમજી એ અત્યંત વિશાળ વિશ્વને ,
અલગ -અલગ ટુકડા કરવાની મજા કયાં છે?

-જયોતિ વાઘાણી






एक बचपन का जमान

## एक बचपन का जमान

एक बचपन का जमाना था, जिस में खुशियों का खजाना था...
चाहत चांद को पाने की थी, पर दिल तितली का दिवाना था...
खबर ना थी कुछ सुबह की, ना शाम का ठिकाना था...
थक कर आना स्कूल से, पर खेलने भी जाना था...
मां की कहानी थी, परीयों का फसाना था..
बारीश में कागज की नाव थी, हर मौसम सुहाना था..
रोने की वजह ना थी, ना हंसने का बहाना था..
क्युं हो गये हम इतने बड़े, इससे अच्छा वो बचपन का जमाना था..
वो बचपन का जमाना था।

-જેઠવા તન્વી



## મધ્યમમાર્ગી

એક ચેલાએ ભગવાન બુદ્ધનું વ્યાખ્યાન સાંભળી બધો ત્યાગ કરી દીધો.
એમાં એની મનપસંદ શોખ એવું વીણાવાદન પણ છોડી દીધું.
એક વાર બુદ્ધે ખૂણામાં વીણા પડેલી જોઈ બુદ્ધે કહ્યું,
લાવ પેલી વીણા વગાડ.ચેલાએ કહ્યું,
મેં વીણા વગાડવાનું છોડી દીધું છે.બુદ્ધે કહ્યું,
લાવ હું વગાડીશ.બુદ્ધે તાર તંગ કર્યા
.ચેલાએ કહ્યું આટલા તંગ તાર કરવાથી નહી વાગે.તાર ઢીલા કરો.
બુદ્ધે એકદમ તાર ઢીલા કર્યા.શિષ્યે કહ્યું,
આટલા બધા તાર ઢીલા કરવાથી પણ વીણા નહીં વાગે.
બુદ્ધે કહ્યું,હું તને એ જ કહેવા માગું છું.
મધ્યમાર્ગી રહેવું એ જ ખરો માર્ગ છે.

-લાવડિયા વિક્રમ આર.





નરશિયન
જયદીપ




## મે બોજ નહી હું

શામ તો હો ગઈ અભી તો ઘુમને લે જાઓ ના પાપા
ચલતે ચલતે થક ગઈ કંધે પર બિઠાઓ ના પાપા
અંધેરે સે ડર લગતા હૈસીને સે લગાઓ ના પાપા
મમ્મી તો સો ગઈ આપકી થપકી દેકર સુલાઓ ના પાપા
સ્કૂલ પુરી હો ગઈ અબ કોલેજ જાને દો ના પાપા
પાલ પોસ કર બડા કિયા અબ તો જુદા મત કરો ના પાપા
અબ ડોલી મેંબિઠા હી દીયા તો આંસુ તો મત બહાઓ ના પાપા
આપકી મુસ્કુરાહટ અચ્છી હૈ, એકબાર મુસ્કુરાઓ ના પાપા
આપને મેરી હર બાત માની એક બાત ઔર માન જાઓ ના પાપા
ઈસ ધરતી પર બોજ નહીં મૈં દુનિયા કો સમજાઓના પાપા

-મહેતા હરિપ્રીયા



દરેક માનવને સન્માન મેળવવું છે પરંતુ તે મળે કઈ રીતે ? જવાબ છે ટાઈમ મેનેજમેન્ટ, "સમયની કદર ન કરનારની કદર સમય પણ કરતો નથી " ત્યારે અપને અમિતાબબચ્ચનને એક મિનીટ નો ભાવ લાખો રૂપિયામાં સાંભળીયે ત્યારે કેવું અચરજ થાય છે. એને કહે છે ટાઈમ મેનેજમેન્ટ.

એક સવાલનો જવાબ વિચારો કે જે  ભગવાન અમીર કે ગરીબ , ભણેલા કે અભણ બધાને સરખુંજ આપ્યું છે. જવાબ મળશે સમય જ.શું તમે સમય ખરેખર બચાવવા માંગો છો ? તો આટલું કરી જુઓ, થોડું ઝડપથી ચાલો, નહાવા અને તૈયાર થવામાં ઝડપ કરો, સોશીયલ મિડિયા દિવસમાં બે જ વખત જુઓ, એક સમયે એક જ કામ કરો , ટીવીથી બને તેટલા દૂર રહો, મોબાઈલ માથી તમામ પ્રકારની ગેમ કાઢી અમલ કરો તે દિવસથી જ તફાવત જોય શકસો.॰ ડિગ્રી ગમે તેટલી મોટી હોય પણ જો ટાઈમ મેનેજમેન્ટ નહિ હોય તો ભવિષ્ય અંધકારમય છે.

"ટાઈમ એન્ડ ટાયડ વેઇટસ કોર નન"

-જોષી દક્ષા





## વાલી મારી બહેન

હીના બનીને પ્રસરી તુ ફુલોમા,
રંગ બનીને મહેકી તુ હાથોમા.
અમી ભરેલીવસી તુ લોકહ્યદયમા,
નદી બનીને સોસરવી વહી તુ જલમા.
દીકરી બનીને આવી તુ અમારા કુલમા.
હની બનીને ભલી તુ અમારા સ્વાદમા.
અનોખુ છે તારુ વ્યકતતત્વ તે તને,
યાદ રાખી લોકોએ અંદાજમા.
મલી છે પ્રેરણા હંમેશા તેના મૌનથી,

-ખુમાન પ્રગતીબેન



## અનમોલ ઉપકારો

દુખો સહન કરનારા, તમને મહાન બનાવનાર
મા-બાપને દુખના દરિયામાં ડૂબાડશો નહિ,
પારકા કામો કરીને, તમને ભણાવનારને
અભણ-અકલ વગરના કહેશો નહિ,
ઘરડા થયા તમારો મગજ ચાલતો નથી ,
એવા કડવા વેણ કાઢશો નિહ,
ભાવતા પકવાન જમાડયા તમને,
તેમને કોઈ દિવસ ભુખા સુવડાવશો નહિ,
તમારા જીવન બાગને લિલોછમ કરનાર,
માં-બાપના જીવનબાગને ઉજજડ બનાવશો નહિ,
તમને મીઠી ઉંઘમાં  સુવડાવનાર,
માં-બાપની ઉંઘ કોઈ દિવસ બગાડશો નહિ,
તેઓના લોભવગર, પ્રેમ અને ત્યાગ તોલવાના,
કાટલા કોઈ દિવસ શોધશો નહિ,
માં -બાપના અમૂલ્ય  બલિદાન સંબંધોના
તરાજૂમાં કોઈ દિવસ તોલશો નિહ.

-વાલાણી પ્રભા ડી.




-ગોહેલ દક્ષા







## ખુદમાં રહીને સમય વિતાવો તો સારું છે,....

ખુદમાં રહીને સમય વિતાવો તો સારું છે,
ખુદનો પરિચય ખુદથી કરાવો તો સારું છે,
આ દુનિયાની ભીડમાં ચાલવાથી તો સારું,
ખુદની સાથે થોડું ફરી આવો તો સારું છે,
આપના ઘરમાં રોશન દિપક તો ઘણા જોયા,
હવે ખુદના અંદર દીપ રોશન કરો તો સારું છે,
તારો, માંરો,આનો, તેનો વાંક છોડીને હવે ,
ખુદથી ખુદનો ચહેરો મિલવો તો સારું છે,,
ખુદને મહેકાવવામાં તો આખી ઉંમર વીતી ગઈ,
હવે ખુદના અંતર આત્માને મહેકાવોતો સારું છે,,
આખી દુનિયામાં ફરી લીધું મન ભરીને હવે,
પાછા ખુદ પોતાનામાં આવી જાવ તો સારું છે,
ક્યારેક એકાંતમાં ખામોશી સાથે બેસીને,
ખુદને ખુદની ગજલ સાંભડવો તો સારું છે,
ભૂલાવીને ઘડી બે ઘડી દરેક દુખ હવે,
ખુદની જાતને હવે થોડું હસાવો તો સારું છે......

-પરમાર પરાગ



## એ અમારો વર્ગખંડ

હું બોલું ને બધા મિત્રો સાંભળે એ અમારો વર્ગખંડ
ને હું બંધ હોવને હું બધાને સાંભળુ એ અમારો વર્ગખંડ
સંજય સમાન દિવ્ય તેજ મેળવનાર, અને
વિક્રમ સમાન રહસ્ય રાખનારો
એ અમારો વર્ગખંડ
ભગવાન સાથે મસ્તી કરનાર, અને
ઇન્દ્રજીત સાથે શાંત રહેનારો
એ અમારો વર્ગખંડ
ફૂલની અંદર રહેનાર પરાગ, અને
ફૂલની પરિમલ ફેલાવનારો
એ અમારો વર્ગખંડ
જ્ઞાનનો ભંડાર ભરેલો વિશાલ, અને
બધા કાર્યમાં જય-દીપ થાય
એ અમારો વર્ગખંડ
ધર્મમાં માનનાર અમે ધર્મેશ છીએ, અને
કેતનમાં રહેનારો એક પરિવાર છીએ
એ અમારો વર્ગખંડ
પરિવારમાં મોટા સમાન જનક, અને
જેનો કોઈ દિવસ ક્ષય ના થાય તેવો અક્ષય
એ અમારો વર્ગખંડ
પ્રવીણ કહે,આમ તો મારો વર્ગખંડ એક ચિરાગ છે,
જેણે ભારતનું ભાવી ઘડવા અમને પ્રવીણ બનાવ્યા છે
હવે આ છે અમારો વર્ગખંડ

-પરમાર પ્રવિણ



## હતાશ છો ?

એક દિવસ એક માણસ કામ પરથી ઘરે આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એક જગ્યાએ બેઝબોલની રમત રમાતી હતી.તે જોવા માટે તે ઊભો રહ્યો . ત્યા જઇ તે ખુરશી પર બેસીને રમત જોવા માંડ્યો.તેણે બાજુમાં બેઠેલી વ્યક્તિને સ્કોર પૂછ્યો.

ત્યારે એ છોકરો બોલ્યો.'અમે ૧૪ પોઇન્ટ પાછળ છીયે.' તેના મોં પર સ્મિત હતું.

પેલા માણસે કહ્યું ' એમ ? તો પછી મારે કહેવું જોઇએ.તમે નિરાશ નથી લાગતા !'

પેલાએ કહ્યું . 'નિરાશ?' તેના મોં પર આશ્ચર્ય આવ્યું. 'નિરાશ શા માટે અમારી બેટિંગ હજુ પૂરી નથી થઇ.

બોધ :"માણસો કાલ્પનિક ભય રાખી શકે છે, તો કાલ્પનિક વિશ્વાસ કેમ નહિ ?"

- તરલ મીનાક્ષી ટી.

-તરલ મીનાક્ષી ટી.





## "Today's Bitter Reality of The World"

- Big house but small family.
- Costly watches but no time.
- Lots of humans but less humanity.
- More degrees but less common Sense.
- High income but less peace of mind.
- Advanced medicines but poor health.
- High IQ but less emotion.

-Dodiya Meena N.



## શાયરી

**શાયરી**

માણસ હવે માણસને કૈં મળતો નથી.
ને જો મળે, તો એ હવે હસતો નથી....

બેસી રહે છે 'ફેસબુક 'ના જ ફળીયે,
કોઈ તમારા આંગણે જડતો નથી....

દેખાય છે એ 'ઓન લાઈનો' ઉપર,
એકલો પડે ; પણ એ સૂનો પડતો નથી.....

રોજે મઝા માણે છે 'સેલ્ફી' હાથ લઈ,
એ 'સેલ્ફ' સિવાય,ચાહી પણ શકતો નથી......

મારી-તમારી સૌની છે આ સ્થિતિ હોં !
માણસ હવે માણસને ઓળખતો નથી.....

-પટેલ વિધિ



- **જાન્યુઆરી ,ફેબ્રુઆરી ,માર્ચમા આવતા વિશિષ્ટ દિવસો યાદ રાખવાની ટ્રિક**

**1. જાન્યુઆરી**

Trick-10મા વિશ્વવને હાસ્ય કરાવવા 12 વાગ્યે યુવાવિવેકાનંદ 15ની સેનાસાથે 9 દિવસ ભારતનો tour કર્યો

- 10 જાન્યુઆરી-વિશ્વ હાસ્ય દિન
- 12જાન્યુઆરી-યુવા દિન
- 15જાન્યુઆરી-સેના દિવસ
- 9જાન્યુઆરી-ભારતીય પ્રવાસી દિવસ

**2. ફેબુઆરી**

Trick-28 માં રાષ્ટ્રીય વિજ્ઞાનદિને 21 આંતરરાષ્ટ્રીય માતૃભાષામા 12મી વાર સ્વામી દયાનંદ સરસ્વતીએ 13 દિવસ રેડિયો સાંભળી 4 કેન્સર વાળા લોકોના 10 મી વાર વિશ્વવમા વિવાહ કરાવ્યા

- 28-ફેબુઆરી-રાષ્ટીય વિજ્ઞાન દિવસ
- 21-ફેબુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ
- 12-ફેબુઆરી-સ્વામિ દયાનંદ સરસ્વતી જયંતી
- 4-ફેબુઆરી- વિશ્વ કેન્સર દિવસ
- 10-ફેબુઆરી –વિશ્વ વિવાહ દિવસ
- 13 ફેબુઆરી-વિશ્વ રેડિયો દિવસ

**3. માર્ચ**

Trick-

1 દિવસ રાષ્ટ્રીય સુરક્ષા માટે 20 ચકલીઓ 21મી તારીખે વનમા ગઈ 22મીએ જળપીવાથી 12ની કિડની બગડી તેઓ 23 તારીખે હવામાન બગડતા શહીદ થઈગઈ અન્યને 24 કલાક ટી.બી. થઈ ગઈ 8 મહિલાઓએ બચાવી લીધી.

- 1-રાષ્ટ્રીય સુરક્ષા દિન
- 20-વિશ્વ ચકલી દિન
- 21-વિશ્વ વન દિવસ
- 22-વિશ્વ જળ દિવસ
- 23-શહીદ દિન/વિશ્વ હવામાન દિવસ
- 24-વિશ્વ ટી.બી દિવસ
- 8-આંતરાષ્ટ્રીય મહિલા દિવસ

-દવે ભૂમિકા ડી.

## શિક્ષણ એટલે... પૂર્ણત્વનુ પ્રગટીકરણ





અસંખ્ય ખ્યાતનામ સંસ્થાઓને ખુંદીને તૈયાર કરેલ વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમ અને અન્ય કાર્યક્રમોનો અમલ.



અભ્યાસક્રમને સુદ્રઢ બનાવવા પાઠ્યપુસ્તક સાથે સરળ અને સચોટ પૂરક શૈક્ષણિક સાહિત્ય.



ઉચ્ચ શિક્ષણ પામેલા તાલીમી, અનુભવી અને માયાળુ શિક્ષણગણ.



શિક્ષણને સમૃદ્ધ બનાવવા માટે ઓડિયો વિઝ્યુઅલ સાધનો, મોડેલ્સ, ચાર્ટસ, કમ્પ્યૂટર વગેરેનો મહત્તમ ઉપયોગ.



શાળા માટે ભવ્ય પ્રેરણાદાયી શાળા બિલ્ડીંગ, જેમાં પૂરતા હવા ઉજાશવાળા અને આધુનિક સુવિધાથી સજ્જ વર્ગ ખંડો.



છેલ્લા પાંચ વર્ષ થી...
S.S.C. બોર્ડનું શાળાનું પરિણામ.... 95% કે તેથી વધારે
H.S.C. બોર્ડનું શાળાનું પરિણામ....
છેલ્લા ત્રણ વર્ષ થી 100%

## શ્રી યુનિવર્સલ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

ચંદ્રેશનગર મેઇન રોડ, મવડી પ્લોટ,
રાજકોટ-૩૬૦ ૦૦૪.

: 0281 2380998 : 8000100960
: www.shreeuniversalschool.com

## બ્રિલિયન્ટ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

મવડી રીંગ રોડ ચોકડી પાસે, જીત્રીયા હનુમાન મંદિર સામે,
રાજકોટ-૪. ફોન : ૨૩૭૦૮૭૦

: 0281 2370870 : 9429485655
: www.brilliantschoolrajkot.com






## ફરિયાદ !

ટેક્નિકલ ખામીને કારણે,સૂર્યોદય નહી થાય
આકાશમા શું ક્યારેય ,આવું લખેલ પાટીયુ દેખાય ?

માંદો હોવાને કારણે ,આજે ચંદ્ર નહીં દેખાય
શું રાત્રે આવા સમાચાર ગગન મા ફ્લેશ થાય ?

બિલાડીને ઘૂંટણ માં વા થયો છે, એનાથી ઉંદર નહીં પકડાય .
દરરોજ બે વાર મુવ લગાડે,તો જ કઇક થશે ઉપાય !

વાઘને આંખે મોતિયો આવ્યો એટલે એને શિકાર નહીં દેખાય..
એનું ઓપરેશન તો થઇ શકે,પણ ડોક્ટર બહુ ગભરાય

હાથીને કેળાની લાલચ ના આપો,હવે એ કેળા નહીં ખાય !
ભાઇ , ડાયેટિંગ ચાલે છે એનું ,પછી કેટલુ વજન વધી જાય ?

આ દુનિયા આખીમાં આખીમા બધા જીવો,સરળતાથી જીવી જાય ..
શું માણસનું જ આખુ જીવન ... ફરિયાદોમાં પૂરું થાય ???!

જીવનમાં જેટલી ફરિયાદો ઓછી, એટલા તમે વધારે સુખી...
મોજ થી જીવી લેવું સાહેબ ...
કેમ કે રોજ સાંજે સૂરજ નહી પણ આ અનમોલ જીંદગી ઢળતી જાય છે..

ડાંગર પરીતા કે.



## કરવા દે.....

થઈ જશે બધી ઉંઘ પુરી જયારે અનંતની વાટ પકડશું,
માંડ માંડ મળ્યા છે દોસ્તો,
થોડા ઉજાગરા કરવા દે,

નથી કરવા નફા-નુકશાનનાં સરવાળા બાદબાકી,
આજ મળી છે ખુશી,
મને એના ગુણાકાર કરવા દે,

મળી જેમને હું મારું અસ્તિત્વ પણ ખોઈ બેસું છું,
એવા મિત્રો માં મને તારો સાક્ષાત્કાર તો કરવા દે,

તારા દરબારમાં ખબર નથી કેવી હશે જિંદગીની મજા ઈશ્વર,
પણ આજ તો જામી છે અહી સ્વર્ગની રંગત,
મને એ માણવા દે,

અંતે તો તારા શરણમાં આવવું છે હે ઈશ્વર,
પણ આજ મળેલા દોસ્તો ,
સાથે થોડી ગુફ્તગુ તો કરવા દે,

સાંભળ્યું છે બહુ લાંબી હોય છે અનંતની યાત્રા,
મને રસ્તે વાગોળી શકું,
એટલું ભાથું તો બાંધવા દે.

-જાડા વિશાલ ડી.



## The Beauty of the Concept of Mathematics



"Mathematics is the language with which God wrote the universe." -Galileo Galilee

"Life is good for only two things, discovering mathematics and teaching mathematics."-Simeon Poisson

We heard them say, "Nothing is perfect." Well, there are two things in this world that Are perfect. One is Mother Nature, the other is mathematics. When I say perfect, Imean it cannot get better than this.

How do I make this conclusion? Mother Nature is a complex web of life and the lifeless. The very state of it being so perfect is the reason for life and also for death. Mathematics, on the other hand, is man-made, to understand nature and beyond. Now, there is a debate over whether mathematics was invented or discovered, but either way it is still perfect.

Every day there are new discoveries that are made in nature and in math's as well. We are just getting more aware of the truth, which exists independently of our Acknowledgement.

Math's is founded on simple yet powerful elements — numbers. Numbers just like The elements of nature, share a complex relationship with every other element in that Set.

This relationship is universally valid. The equation, (a+b) 2 = a 2 +b 2 +2ab, stands true on Earth, on Jupiter and even if the sun goes down. Because, math doesn't exist in this Physical dimension. It exists entirely in the human mind, it's a mental concept, and I Think this is the most beautiful concept ever made by the human mind. Math's and Human beings are co-dependent to aid each other's growth.

When we get to the bottom of it, we see that math is an abstract representation of Nature element to element, shape to shape and relation to relation. This Fundamental reason suggests that math's is no different from nature. Hence, any Real-world problem can be solved in math's and any math's solution is effective in the real world. Of course this statement doesn't hold true in love and war. Those topics are out of the scope of this discussion. What is the largest number your mind can conceive? What is the size of the Universe? The answer to both these questions is one and the same. The answer is not infinity, it is zero. Yes! The size of the universe is zero, and so is the largest number!

Let me explain. For every positive number there exists a negative number in maths. For every matter there exists anti-matter in nature. This is the big picture. Therefore When you put everything together, the size of the universe is zero. Zero is thus simultaneously everything as well as nothing. That's why it's called a whole number. You add or remove anything from this whole, it still remains a whole.

This beautiful conception was made in ancient India at a time when the rest of the world was busy figuring out whether the earth is flat or round.

It's really astonishing and makes me proud of the intellectual wisdom of ancient India, making such a ground-breaking revelation that changed the human thought Process once and for all!

-Herma Indrajeet





## बेटी

मै भी लेती श्वास हु, पत्थर नही इंसान हु
कोमल मन है मेरा, वही भोला सा है चहेरा
जज्बातो में जीती हु, बेटा नही पर बेटी हु
कैसे दामन छुड़ा लिया, जीवन के पहले ही मिटा दिया
तुझ से ही बनी हु, बस प्यार की भूखी हु
जीवन पार लगा दूंगी अपनालो, मै बेटा भी बन जाउंगी
दिया नही कोई मौका, बस पराया बनाकर सोचा
एक बार गले से लगा लो, फिर चाहे हर कदम आज़मलो
हर लड़ाई जीत कर दिखाउंगी
मै अग्नि में जलकर भी जी जाउंगी
चंद लोगों की सुन ली तुमने,मेरी पुकार न सुनी
मै बोझ नही, भविष्य हु
बेटा नही पर बेटी हु।

-જતપરા જયશ્રી



## એ રીતે

એકબીજામાં વાદળ ભળે એ રીતે
કોઈ નજદીક આવે, મળે એ રીતે !
એ અહીથી જઈને અહી આવશે
એક રસ્તો જ પાછો વળે એ રીતે !
હોય નહી સાવ પાસે છતાં હોય તે
સાદ પાડો અને સાંભળે એ રીતે !
જાણે હમણાં જ કાંઠાઓ તૂટી જશે
જળસમંદર મહી ઊછળે એ રીતે !
હું બળું છું અને તેય અંદર ફકત
એક કમરામાં દીવો બળે એ રીતે !

-ખરાડી મનીષા



## કોને હું ગોતું છું

**કોને હું ગોતું છું**

કિસ્મતના આ ખેલમાં
કોને હું ગોતું છું,
કોના તે હાથમાં
મારા નસીબને શોધું છું.
કરમાયેલા ફૂલમાં
સુગંધને હું ગોતું છું,
તોફાની સાગરમાં
કોઇ ખેડવૈયાને શોધું છું.
તમારી તે હા માં
મારી ઈચ્છાને ગોતું છું.
એક ખોવાયેલા દિલમાં
પોતાને હું શોધું છું.
તમારી તે ગઝલમાં
મારા સ્વને ગોતું છું.
દૂર દેખાતી મંઝિલમાં
મારો કિનારો હું શોધું છું.
કોના તે હાથમાં
મારો હાથ ગોતું છું.
જીંદગીની આ સફરમાં
મારા મુસાફરને શોધું છું.
તમારા તે હાથમાં
મારી રેખાને ગોતું છું
કિસ્મતના આ ખેલમાં,
કોને હું ગોતું છું.

-કમાણી જનક



યોગા દિવસની ઉજવણી... પહેલુ સુખ તે જાતે નર્યા...



વિશ્વ વર્લ્ડ મ્યુઝીક-ડે ના દિવસે નાદ નિનાદ સંગીત કાર્યક્રમમાં સહભાગિતા...



મંડળ મહેમાન પ્રવૃત્તિ અંતર્ગત પોતાના જ્ઞાનથી લાભાન્વિત કરતા તજજ્ઞશ્રીઓ...



**ગુરુપૂર્ણિમા ઉજવણી નિમીતે જ્ઞાનધારા અંતર્ગત યોજાયેલ વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને નાટયધારા અંતર્ગત રજૂ થયેલ નાટક**




**ગુરુપૂર્ણિમા ઉજવણી નિમીતે આશીર્વચન આપતા પ.પૂ.સ્વામિની ધન્યાનંદ સરસ્વતીજી તથા ગુરુ પૂજન અને ગુરુ મહિમા ગાન કરતા પ્રશિક્ષાર્થીઓ**




**સેવા પરમો ધર્મ...** **સામુદાયિક સેવા ધારા પ્રવૃત્તિ અંતર્ગત દાનની સરવાણી વહેવડાવતા પ્રશિક્ષાર્થીઓ...**




**સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત યોજાયેલ વકતૃત્વ સ્પર્ધા માં મનુષ્ય તુ બડા મહાન હે...**
**વિષય પર વ્યાખ્યાન આપતા પશિક્ષાર્થીઓ.**



**વિજ્ઞાન દિવસ ઉજવણી નિમીતે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેતા ભાવિ શિક્ષકો...**



**૨૦૧૭-૧૯ નાં પ્રશિક્ષાર્થીઓને ઉષ્મા સભર આવકાર આપતા ટ્રસ્ટીશ્રી ડૉ. અલ્પનાબેન ત્રિવેદી, એ.સી.પી. હર્ષદ મહેતાસાહેબ તથા સમગ્ર જે.જે.કે. બી. એડ્. પરિવાર...**



**કલા-કૌશલ્ય ધારા દ્વારા આયોજીત રાખડી સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થી ભાઈ-બહેનો...**




બનાસકાંઠા પુર પીડિતોની વહારે જે.જે.કે. બી.એડ્. ના પ્રશિક્ષાર્થીઓ...

માનસિક વિકલાંગ બાળકોની સંસ્થા સ્નેહ નિર્ઝરની ફ્રેન્ડશીપ-ડે નાં રોજ સસ્નેહ મુલાકાત...







''ધ સિક્રેટ'' મૂવિમાથી આંતરમનની શકિતઓ વિકસાવવાની પ્રેરણા મેળવતા પ્રશિક્ષાર્થીઓ...

















સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લેતા જે.જે.કે. બી.એડ્. ના રમતવીરો













SUCET-2016 ની પરીક્ષામાં ઉત્તકૃષ્ટ દેખાવ... અને વિવેકાનંદ જયંતિની ઉજવણી...







સરદાર પટેલ સ્મારક ખાતે ''સરદાર : એક અસરદાર વ્યકિતત્વ'' વિષય પર શ્રી નગીનદાસ સંઘવીનું વ્યાખ્યાન...




**માળીયા-મિયાણાનાં પૂર અસરગ્રસ્ત શૈક્ષણિક સંકુલોમાં શૈક્ષણિક કિટનું વિતરણ કરતા જે.જે.કે. બી.એડ્. નાં સેવાભાવિકો...**



**શિક્ષક દિન નિમીત્તે એક દિવસનાં સાયુકલા શિક્ષક બનતા જે.જે.કે. બી.એડ્. નાં ભાવિ શિક્ષકો...**

# સ્વ. લાભુભાઈ (ગુરૂ) પૂણ્યતિથી






સાયન્સ એકસપ્રેસ ટ્રેનની મુલાકાતે...




સાયન્સ-ડે અને મેથ્સ-ડે ની ઉજવણી...



ગુજરાત ક્વિઝ - ૨૦૧૭ નાં સ્પર્ધકો...



બી.એડ્. અભ્યાસક્રમનાં ભાગ રુપે પ્રાથમિક શાળા નં. ૧૩નાં પ્રજ્ઞા વર્ગની મુલાકાત



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને
જે.જે.કે. બી.એડ્. નાં સંયુકત ઉપક્રમે માતૃભાષા ગૌરવ ગાનની ઉજવણી



એમ.એડ્. ઈન્ટર્નશીપ અંતર્ગત ભાવિ પ્રાધ્યાપકોને કોલેજમાં મીઠો આવકાર...



એમ.એડ્. ઈન્ટર્નશીપનાં પ્રશિક્ષાર્થીઓ સાથે હિન્દી દિનની ઉજવણી...

# નવરાત્રી મહોત્સવ


























## ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત
## ઘંટારવ નૃત્ય
## અને
## ૨૬મી જાન્યુઆરી એ
## દેશ ભકિત ડાન્સ





























# દિક્ષાંત સમારોહમાં પધારેલ મહેમાનશ્રીઓ

































# દિક્ષાંત કાર્યક્રમ-૨૦૧૭



રાણેવાડીયા શીવાની

ફળદુ કાજલ

બાવળીયા જીજ્ઞેશ















**સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટ, એલ.બી.એસ. સ્કુલ અને**
**જે.જે.કે. બી.એડ્. નાં સંયુકત ઉપક્રમે સરદાર પટેલ વિચાર ધારા રેલી...**











**ગાંધી નિર્વાણ દિન અને શહીદ દિન ની ઉજવણી નિમિતે વકતૃત્વ સ્પર્ધા,**
**નિબંધ સ્પર્ધા અને દેશ ભકિત ફિલ્મ નિદર્શન...**



સીનીયર્સ દ્વારા જુનિયર્સ ને વેલ-કમ પાર્ટી...



વ્યાયામ યોગ અને ખેલકુદ ધારા દ્વારા આયોજીત રમતોત્સવમાં આનંદ કરતા રમતવીરો...





## સમજી જા

અધમણ અંધારું ઘેરાયું, સમજી જા
ચન્દ્રબિંબ જળમાં દેખાયું, સમજી જા
મુઠ્ઠી વાળી ભીંતો ભાગી શેરીબ વચ્ચે
માથા સાથે ધડ છેદાયું, સમજી જા.
નભની આ ગેબી વાણી છે, સમજી જા
પળ પોતે પણ પટરાણી છે, સમજી જા
દરિયા જેવો દરિયો લાગે આ બીધેલો
ગિરિવર ભેજ્યાં આ પાણી છે, સમજી જા.
પડછાયાનું ટોળે વળતું ધણ છે, સમજી જા
સાંજ પડી પણ ધીખતું રણ છે, સમજી જા
મઝધારેથી તટ પર આવી તૂટી ગયું છે
મોજું ક્યાં છે, જીવતું જણ છે, સમજી જા.
બુઠ્ઠું, બોથડ, ધાર વગરનું શસ્ત્ર થયું છે, સમજી જા
જીર્ણ શીર્ણ ચોમેર ફાટલું વસ્ત્ર થયું છે, સમજી જા

**-નકુમ જલ્પા જે.**



## સંબંધો

સબંધો બનાવવા એટલા
સરળ હોય છે
કે "માટી" ઉપર માટીથી " માટી " લખવું
અને એ જ સબંધો સાચવવા
એટલા જ મુશ્કેલ હોય છે
કે " પાણી " ઉપર પાણીથી" પાણી " લખવું

-પટેલ કુંજલ એમ.



## ટાબર

ઘોડિયે નહીં તો કંઈ નહીં પણ
ઝૂલે તો હજુ ઝૂલી શકાય છે ,
પણ ભૂખ લાગે તો ક્યાં ફરી
મોંમાં અંગુઠો લઇ ચૂસાય છે ?

કંઇક શીખવાની જીજ્ઞાસા લઇ
ફરી સ્કૂલ કોલેજ જઈ શકાય છે ,
પણ દફતર ફેંકી રમવા દોડવું
એવું હવે ક્યાં કરી શકાય છે ?

ઝાડ પર નહીં તો કોલર ટયુનમાં
કોયલ- ટહુકા સાંભળી શકાય છે ,
પણ અમથું અમથું ક્યાં ફરીથી
કોયલ સંગ ટહુકી શકાય છે ?

મમત્રો સંગે તાળી દઈ હજુ એ
જોને ખિલખિલ હસી શકાય છે ,
પણ મનગમતી ચીજ મેળવવા
ક્યાં હવે ભેંકડો તાણી રડાય છે ?

જા તારી કિટ્ટા છે કહીને હજુ એ
પળમાં દુશ્મની કરી શકાય છે ,
પણ બીજી જ પળે બુચ્ચા કરીને
ક્યાં કોઈને ય મનાવી શકાય છે ?

મોટા થવાની ઈચ્છા કરીને જુઓ
ઝટ મોટા તો થઇ જવાય છે ,
પણ ફરી પાછું નાના થઇ જવું ?
ક્યાં કોઈનાથી પણ થવાય છે..

-પટેલ પરમિલ





## રોજિંદા જીવનની જીવવા લાયક નાની-નાની બાબતો

- અચાનક ખિસ્સામાંથી કે ડ્રોઅરમાંથી પૈસા મળી આવવા , રેડિયો પર પસંદગીનું ગીત વાગવુ.
- કયાંય બહાર ન જવું હોય , ત્યારે વરસાદ વરસતો જોવો, નવરાશના સમયે હુંફાળા પાણીથી ન્હાવું.
- મૌસમના પહેલા વરસાદમા માટીની સુગંધ.
- એલાર્મ વાગતા પહેલા જાગવું અને ખ્યાલ આવવો કે હજી તો ઉંઘમાં માટે ઘણો સમય છે.
- નવા પુસ્તકો અને પત્રિકાઓની ખુશ્બુ .
- લાંબી રજા પર જતા પહેલા ઓફિસેથી બહાર નીકળવું.
- કોઈ અજાણી વ્યક્તી સાથે હળવી વાતો કરવી .
- ટેલીવિઝન ચાલુ કરતા જ ખ્યાલ આવવો કે તમારી મનપસંદ ફિલ્મ હજી શરુ જ થઈ છે.
- શબ્દ કોયડાને દસ મિનિટથી પણ ઓંછા સમય માં ઉકેલી નાખવો.
- પોતાની પ્રિય વ્યક્તી સાથે ફોન પર લાંબી વાતચીત , જેની સાથે ખાસ્સા સમયથી નહોતી થઈ.
- પરીક્ષામાં પ્રશ્નપત્ર વાંચતા જ ખ્યાલ આવવો કે પૂછાયેલ બધા જ પ્રશ્નોના જવાબ આવડે છે.
- એ રમત રમવી જે તમને બાળપણમાં ખુબ પસંદ હતી.
- મિત્રો કે પરિવાર દ્વારા સામેથી મદદ મળવી
- વોશંગ મશીન અથવા નળ સરખો થઈ જવા જેવી નાનકડી વાત
- ચોખ્ખી પથારી પર આડું પડવું .
- સંધ્યાટાણે પંખીઓંનો કલરવ સાંભળવો.
- ઉનાળામાં અગાશીએ સુઈને આકાશ માં તારા જોવા.
- ઠંડી રાતે રજાઈની હુફ ને અનુભવવી અથવા તાપણાની સામે બેસીને શેકવું .
- કોઈ એવી વાત કહેવી કે આજુબાજુના લોકો હસી પડે .
- ખૂબ વરસાદમાં સરની ગ્રુપમાં સૂચના કે આવતા બે દિવસ કોલેજમાં રજા છે.
- હુલામણા નામે બોલાવીને જ્યારે સર પીઠ થબડાવે.
- નદી કે તળાવના શાંત પાણીમાં પથરાના ટપ્પા ખવડાવવા.
- ખૂબ ઉતાવળે, ટ્રેનના સમયથી 5 મિનિટ મોડા સ્ટેશને પહોંચ્યા હોય ને અચાનક ખબર પડે કે ટ્રેન 10 મિનિટ મોડી છે.

-ઓળકીયા સંજયકુમાર.બી



## खुश हूं

जदिगी है छोटी,पर हल पल में खुश हूं
काम मे खुश हूं, आराम में खुश हू
आज पनीर नही,दाल में ही खुश हू
आज गाड़ी नही, पैदल ही खुश हूं
जसिको देख नही सकता,
उसकी आवाज से ही खुश हूं
जसिको पा नही सकता,
उसको सोच कर ही खुश हूं
बित़ा हुआ काल जा चुका है,
उसकी मीठी यादो में ही खुश हूं
आने वाला कल तो पता नही,
इस इंतजार में खुश हूं
हस्ता हुआ बीत रहा पल है,
आज में ही खुश हूं
जदिगी है छोटी, हल पल में खुश हूं
अगर दलि को छुआ, तो जवाब देना
वरना बनि जवाब के भी खुश हूं

-सिंगल दिव्या



## ' ગઝલ '

અહી જિંદગી નું સફર
જેવુ પણ હોય
બધાને જીવવા રસ્તો એક,
સરળ જોઈએ છે
અહી જીંદગીની મંજિલ
જેવી પણ હોય,
લોકોને તો બસ એક,
ઓળખ જોઈએ છે.
સુવા વાળા લોકો તો સપનાઓથી
થાકીને સુઈ ગયા,
હવે દરેક માણસ ને મહેલ અનેક
આલીશાન જોઈએ છે,
કોશિષ તો કરે છે બધા પોતાના
માટે જીવવાની ,પણ અહી જીવવા માટે
એક મૂઠ્ઠી આસમાન જોઈએ છે.

વરસડા જીતીસા





## ગઝલ

પગલે પગલે સાવધ રહીને,
પ્રેમળતા પ્રગટા વ્યેજા!
અંતરને અજવાળે વીરા,
પંથતા રોકા પ્યેજા!

કાંટા આવે , કંકર આવે,
ધોમ ધખતી રેતી આવે!
ખાંડાની ધારેને ધારે,
ધૈર્યધરી ચાલ્યોજા!

શૌર્યધરી ચાલ્યોજા,
ધીરજ તારી ખોતોના,
સ્વાર્થ સામે જોતોના,

શિસ્ત , શાંતિને સેવા નોતું ,
પાઠ સૌને આપ્યોજા,
દુર્ગમ પથકા પ્યોજા!

-બારડ કિરણ ડી.



## હે પ્રભુ !

સંજોગો વિકટ હોઈ ત્યારે ,
સુંદર રીતે કેમ જીવવું તે મને......શીખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આંનદ કેમ ન ગુમાવવા તે મને......શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોઈ ત્યારે,
શાંતિ કેમ રાખવી તે મને......શીખવ.
કામ અતિશય મુશ્કેલ લાગતું હોઇ ત્યારે
ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને......શીખવ.
કઠોર નિંદાનો વરસાદ વરસે ત્યારે તેમાંથી
મારા ખપનું ગ્રહણ કરી કેમ લેવુ તે મને......શીખવ.
પ્રલોભના, પ્રશંસા,ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને......શીખવ.
ચારેબાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઇ જાય,
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને આશાથી તારી કૃપાની પ્રતીક્ષા
કેમ કરવી તે મને......શીખવ.

-ગરણિયા કેતન આર.



## "નથી મળતો"

પુરાવો કોઈ નક્કર નથી મળતો
મળે છે નાગ પણ શંકર નથી મળતો

નકશો શોધશો ના, બંધ છે પડદા
પતે સર્કસ પછી જોકર નથી મળતો

પ્રભુને માત્ર મારે એટલે પુછવું
ગરીબો ને કદી ઈશ્વર નથી મળતો ?

હસાવી દે,રડાવી દે બે પળમાં જે
લખે એવી ગઝલ,શાયર નથી મળતો

અરીસામાં નહીં શોધો તમે માણસ
બહાર હોય એ અંદર નથી મળતો

-ચંડેરા અક્ષય ડી.


શ્રી વિસોત
સિલેકશન
સ્કૂલ યુનિફોર્મ
સ્કૂલ જીન્સ-ટીશર્ટ
સ્કૂલ બુટ-મોજા
ટાઈ-બેલ્ટ
લેગીઝ
સ્પોર્ટસ ડ્રેસ
લંચ બોક્સ
વોટર બોટલ
એપ્રોન
યુનિફોર્મ સ્વેટર
કમ્પલીટ યુનિફોર્મની બધી જ વસ્તુઓ એક જ સ્થળ પરથી મળશે.
યુનિફોર્મ મેળવવાનું સ્થળ
શ્રી વિસોત સિલેકશન
ગોવિંદબાગ મેઈન રોડ, દેના બેંકની સામે, પેડક રોડ,
બાલક હનુમાન મંદિર ચોક પાસે, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૭૦૭૦૫૫



## प्रदूषण

विश्वमे में फैलाया है जिसने दूषण
नाम है उसका प्रदूषण
चारो तरफ है उसका शाया
साथ मे अपने है बीमारियो को ले आया
नदियों पर उसने ऐसा कहर बरसाया
केमिकल्स ओर कचरे से गंगा को नहलाया
सडको पर है उसकी ऐसी माया
पॉलीथिन को उठाते उठाते दुख जाती है काया
सहर को तो ऐसा सताया
मच्छरों ने रात को दरवाजा खटखटाया
डेंगू, मलेरिया है इसका परिणाम
हो गई है लोगो की रातों की नींद हराम
फैक्ट्रियां है इसका दूसरा नाम
धुंआ करता है वायुमंडल को खराब
ओजोन को कर रहा है नष्ट
युवी से होता है बहुत कष्ट
हर कोई कर रहा है इसे खत्म करने की रनिंग
क्योंकि ग्लोबल वार्मिंग दे रहा है वॉर्निंग
प्रदूषण से हो रहा है कुपोषण
रोकने के लिए करना होगा वृक्षारोपण
5 जून कोआता है दिवस पर्यावरण
रोकने के लिए लेनी होगी हरियाली की सरण
नहीतो होगा लोगो का प्रदूषण से हरण
जिससे होगा धरती का ख़ौफ़नकमरण

-ચાવડા ભગવાન



## તમે આવો....

કહું છું ક્યાંકે આ ઘેરા કોઈ રસ્તા સુધી આવો
ઉઘાડો બારણુંને આંગણે તડકા સુધી આવો
જમાનો એને મૂર્છા કે મરણમાને ભલે માને
હું બંને આંખ મીંચી દઉં તમે સપના સુધી આવો
તમારા નામના સાગરમાં ડૂબી તળિયે જઈ બેઠો
હું પરપોટો બની ઊપસું તમે કાંઠા સુધી આવો
જરુરી લાગશે તો તે પછી ચર્ચાય માંડીશું
હું કાશીઘાટ પર આવું તમે કાબા સુધી આવો
હું છેલ્લી વાર ખોબામાં ભરી લેવા કરું કોશિશ
અરે ઓ મૃગજળો આવો હવે તરસ્યા સુધી આવો
ગમે ત્યારે ગઝલ જીવનની પુરી થઈ જશે આદિલ
રદીફને કાફિયા ઓળંગીને મક્તા સુધીઆવો

-જોટવા શાંતિ કે.



## "J.J.K. પરિવાર"

"J.J.k.પરિવાર "
બંધારણ ના હોય પણ વ્યવસ્થા હોય,
ચુચન ના હોય પણ સમજણ હોય,
કાયદો ના હોય પણ અનુશાસન હોય,
ભય ના હોય પણ ભરોસો હોય,
શોષણ ના હોય પણ પોષણ હોય,
આગ્રહ ના હોય પણ આદર હોય,
સંપર્ક ના હોય તો પણ સંબંધ હોય,
અર્પણ ના હોય પણ સમર્પણ હોય,
એ જ સાચો આપણો
J.J.K. પરિવાર હોય.

-વાલાણી શિતલ





## ઘડતર



## કઈ સમજાય છે?

જવાને શાળામાં મન થનગને મોર થઈને ;
જતાં નિત્યે પ્રિતે દફતર ભરી સજ્જ થઈને.
મળેલા સંસ્કારો સભર ભરી માનીય મમતા ;
ઉમેરતાં એમાં નિતનિત નવાં ભાવ-ક્ષમતા
ભણી નોખા-નોખા વિષય મળતી દ્રષ્ટિ નવલી ;
અને યોગે-દયાને કસરત કરી, કાય કસવી.
પછી ચિતે હૈયે મન પર પડી, ભાત ઉમદા ;
ખરે વિદ્યા સોહે વિનયભર વ્યવહાર કરતાં !
વિવેક આનંદે સમરસ થશે જીવન-લીલા ;
સમાજે ચીંધેલા નિયમ, ભરવાં મૂલ્ય નવલાં.
ભૂંસાયા ભેદો સૌ હૃ દય જગબંધુત્વ ભજશું ;
પશુ , પંખી વૃક્ષો સહુય-સહ-અસ્તિત્વ રચશું.
ઉછેર્યા મા બાપે પણ અવર તું, તીર્થ વરદા ;
ટકી રહે તારી મા ઘડતર પ્રથા, મંગલકથા !

-માવાણી ભવિતા જે.

શાકભાજી ફૂટપાથ પર ને જૂતા દુકાનમાં વેચાય છે,
પૈસા ઝાડ પર નથી ઉગતા તોય બેંકની બ્રાંચ થાય છે ?
લીંબુ શરબતમાં તો લીંબુનું એસેન્સ જ નખાય છે,
સાબુમાં અસલી લીંબુનો રસ ભેગો કરીને ભેળવાય છે?
સ્વચ્છ ભારતમાં પાટિયા નીચે જ કચરો ઠલવાય છે,
ટારઝન જંગલમાં કાયમ કલીન શેવ કરેલો દેખાય છે?
બીડી પીવાનું કોઈની મદદ વગર શીખી જવાય છે,
પણ વ્યસન છોડવા માટે તો ડોક્ટરોની સેવા લેવાય છે?
નળ બંધ હોય છે અને ગટરો તદન ખુલ્લી ગંધાય છે,
ડ્રાય સ્ટેટમાં આખા દેશમાં સૌથી વધુ શરાબ પીવાય છે?
નાકા પર દૂધ લેવા ધરાર હીરો હોન્ડા જ વપરાય છે,
ને પૂનમ ભરતી વખતે છેક ડાકોર સુધી પગ તોડાય છે?
માણસ ઉતાવળે ભૂલ કરે છે અને નિરાંતે પસ્તાય છે,
આ દુનિયા કેવી રીતે ચાલે છે એ ક્યાં કોઈને સમજાય છે?

-કુન્બી અર્ચના એ.



## વિચારો ના વૃંદાવનમા

સ્વભાવ તો રોયલ હોવો જોઈએ. રોયલ સ્વભાવના બે સ્વરૂપ છે.
(૧)અત્યંત સ્નેહભાવ (૨) અત્યંત સહિષ્ણુભાવ
જો નાની નાની વાતોને 'Let Go' કરતા શીખી જવાય અને
મોટી વાતોને ' Let God ' કરતા શીખી જવાય
તો જીવન માં સ્વર્ગ ઉતરી જાય. દોડવું નકામું છે , મુખ્ય વાત તો
સમયસર નીકળવું તે જ છે. આપણે ક્યારેય એટલા સુખી નથી હોતા
અને ક્યારેય એટલા દુખી નથી હોતા જેટલા આપણે સમજતા હોઈએ છીએ.

સોલંકી વૈશાલી





## કેમ એપ્રિલની પહેલી તારીખે **એપ્રિલ ફૂલ ડે** મનાવવામાં આવે છે ?

- દર વર્ષે એપ્રિલની પહેલી તારીખે એપ્રિલ ફૂલ દિવસ મનાવવામાં આવે છે.શું તમે જાણો છો કે આ મહિનાની આ તારીખે કેમ મનાવવામાં આવે છે?
- વર્ષ ૧૫૮૨માં ફ્રાન્સમાં એપ્રિલ ફૂલ દિવસની શરૂઆત તે સમયે થયી હતી,જયારે પોપ ચાર્લ્સ-9 એ જુના કેલેન્ડરની જગ્યાએ નવા રોમન કેલેન્ડરની શરૂઆત કરી.આ કેલેન્ડર અનુસાર હવે નવા વર્ષની શરૂઆત ૧ જાન્યુઆરીથી કરવામાં આવી.આ પહેલા તે ૧ એપ્રિલે શરૂઆત કરવામાં આવતી હતી.
- ત્યારબાદ જયારે કેટલાક લોકો નવા વર્ષને જૂની તારીખ એટલે કે ૧ એપ્રિલે જ મનાવવા લાગ્યા ત્યારે તે લોકોને એપ્રિલ ફૂલ કહેવામાં આવ્યા.બસ અહીંથી જ વિશ્વભરમાં દર વર્ષે ૧ એપ્રિલને એપ્રિલ ફૂલ દિવસ તરીકે મનાવવાની પરંપરા શરૂ કરવામાં આવી.તેનાથી અલગ સ્પેનિશ ભાષા બોલતા દેશમાં ૨૮ ડીસેમ્બરે આ દિવસ મનાવવામાં આવે છે.જેને ડે ઓફ હોલી ઈનોસન્ટ્સ કહેવામાં આવે છે.
- એપ્રિલ ફૂલ દિવસને એક એવા દિવસ તરીકે મનાવવામાં આવે છે જયારે લોકો દ્વારા એકબીજાની સાથે મજાક અને સામાન્ય રીતે મુર્ખતાપૂર્ણ હરકતો કરવામાં આવે છે.
- પરિવાર,પાડોશી,મિત્રો,સહકર્મચારીઓ વગેરે સાથે અનેક પ્રકારની મસ્તી અને અન્ય વ્યવહારિક મજાક કરવામાં આવે છે. -

મોકરીયા ધર્મેશ એન.



## જિંદગીની સફર

જિંદગીની સફરને હું હસતા હસતા કાપ તો ગયો,
રસ્તે ઘણી ખુશીઓ વેરાયેલી હતી,તેને વિણતો ગયો
મુરઝાયા પછી પણ મારી સુવાસની ચર્ચા છે અહીં,
વસંત તો શુ, હું તો પાનખરમાં પણ ખીલતો ગયો
ઊંચાઈએ રહેવાનો મને મોહ જરાપણ નથી દોસ્તો,
હું એ તારો છું જે બીજાની ઈચ્છા પુરવા ખરતો ગયો
સમય સાથે સમજાયું નથી મળતી ખુશીઓ જ હંમેશા,
ખુશ રહેવા દુખને પણ હસીને માણતા શીખતો ગયો
આ મુસ્કાન જોઈએ મન માનતા કે રડ્યો નથી હું કયારેય,
પણ આંસુઓની શ્યાહી બનાવી શબ્દોમાં વ્યથા લખતો ગયો
કોશિશ તો કેટલીયે કરી હશે જિંદગીએ મને રડાવવાની,
પણ સવાલ વટનો હતો, હું હંમેશા હસીને જીવતો ગયો.

સોલંકી મનિષા કે.





## લઘુકથા

## "લહેરખી"

બસમાં ધસી આવતી લૂ અને ઉતારુંઓની વધતી જતી ભીડથી એ વ્યાકુળ થતો જતો હતો.
લાંબુ અંતર, લોકલ બસ, થોડા થોડા અંતરે આવતાં રહેતાં સ્ટેશન, ગામડિયા ઉતારુઓ, બસની ઘરેરાટી, બારીના કાચની ખડખડાટી, ખરાબ રસ્તાઓ, પાંસળા ઊંચા કરી દતા રોદા ! એ સમસમી રહ્યો.
ટિકીટો ફાડીને આપતી રહેવાની, પૈસા ગણ્યા કરવાના, વધ – ઘટની આપ – લે કર્યા કરવાની, બેલ વગાડ્યા કરવાનો ! ઉફ ! આ તે કંઇ નોકરી છે ?
એણે ઘડિયાળમાં નજર કરી. હજુ તો અરધું અંતર માંડ કપાયું. મુખ્ય સ્ટેશન સુધી પહોંચતાં નહીં – નહીં તોયે સાડા ચાર કલાક તો થવાના જ. એક રાતનો હોલ્ટ સ્ટેશન પર જ, ને સવાર પડતાં ફરીથી બીજી શિફ્ટ. છેક બીજા દિવસે સાંજે ઘરે પહોંચી શકાય. એટલું સારું હતું કે ... !
ટન....! એણે બેલ વગાડ્યો. બસ ઊભી રહી. એણે બારીમાંથી બહાર નજર કરી.
નાનકડી દિકરીને સાથે લઇને, લઘર – વઘર વેશે આવેલી એની પત્નીએ ટીફીન એના હાથમાં પકડાવ્યું. પુલકિત થયેલા બે ચહેરાઓને જોઇ એનું હૃદય છલકાઇ ઊઠ્યું. દિકરીના ગાલ ઉપર હળવેથી ટપલી મારી એણે બેલ વગાડ્યો. પત્ની અને પુત્રીએ હાથ હલાવી 'આવજો' કર્યું. બસ ચાલવા લાગી.
હવાની એક શીતળ લહેરખી આવીને રોમાંચિત કરી ગઇ. બધો જ ઉકળાટ શમી ગયો. ઉત્સાહથી એ બોલી ઊઠ્યો, ' છે કોઇ ટીકીટમાં બાકી ?'

તેજાણી વૈશાલી



## શિક્ષણ???

આ સઘળા ફૂલોને કહી દો યુનિફોર્મમાં આવે,
પતંગિયાઓને પણ કહી દો સાથે દફતર લાવે.
મન ફાવે ત્યાં માછલીઓને આમ નહીં તરવાનું,
સ્વીમિંગપુલના સઘળા નિયમોનું પાલન કરવાનું.
દરેક કૂંપળને કોમ્પ્યુટર ફરજિયાત શીખવાનું,
લખી જણાવો વાલીઓને તરત જ  ફી ભરવાનું.
આ ઝરણાઓને સમજાવો સીધી લીટી દોરે,
કોયલને પણ કહી દેવું ના ટહુકે ભરબપોરે.
અમથું કૈ આ વાદળીઓને એડમિશન દેવાનું?
ડોનેશનમાં આખેઆખું ચોમાસુ લેવાનું.
એક નહીં પણ મારી ચાલે છે અઠ્ઠાવન સ્કૂલો,
'આઉટડેટ' થયેલો વડલો મારી કાઢે ભલો!

-નેહલ ડેર



## વસંત આવી વસંત આવી

વસંત આવી વસંત આવી
સ્નેહ ભીના હૈયાઓને ઉજાગર કરતી
વસંત આવી વસંત આવી
યુવાનોના હૈયે ઉછળતા મોજા લાવી
વસંત આવી વસંત આવી
મોર સાથે કેરી લાવી કોયલ કેરું કૂકું લાવી.
વસંત આવી વસંત આવી.
નયનોમાં નેહ લાવી સ્વપ્નમાં સ્નેહ લાવી.
વસંત આવી વસંત આવી

-ચેતના વાઘેલા





## એક જ છે તુ

અંતરની આંખમાં, પરીક્ષાઓની પાંખમાં
એક જ છે તુ.... એક જ છે તુ....
મનની મન્નતમાં , દિલની દુઆ માં
એક જ છે તુ... એક જ છે તુ...
સપનાની સાંજમાં, સોનેરી સવારમાં
એક જ છે તુ... એક જ છે તુ...
શબ્દોની શ્રેણીમાં, વાતોના વહેણમાં
એક જ છે તુ... એક જ છે તુ...
હરખની હેલીમાં, હૈયાની હામ માં
એક જ છે તુ... એક જ છે તુ...
વિતેલા વખતમાં , અને ભવિષ્યની ભાખમાં
એક જ છે તુ... એક જ છે તુ...
કરેલા કર્મ માં, પામેલા પુણ્યમાં
એક જ છે તુ... એક જ છે તુ...
વાચાના વચનમાં, અસ્તિત્વના અંશમાં
એક જ છે તુ...એક જ છે તુ...
જીવનમાં પથમાં, સાથીના સંગ માં
એક જ છે તુ... એક જ છે તુ...
થામેલા હાથ માં, અને પાયલ ની કલ્પનામાં
એ જે. જે. કે. પરિવાર એક જ છે તુ...

-ગોસાઇ પાયલ



## The Day for the Change is today...

The first hour of the morning is full of hope.
It is amazing what you can achieve.
Look at the sun, breathe the fresh air and admire the flowers. Awaken yourself.
The morning is a time to thank God for the new day. It will instantly make you happy.
I try to celebrate the feeling of being alive by listening to the sound of a sarod.
Playing a musical instrument or singing can be a positive way to start your day.
This is time to surrender to simplicity.
Be in a state grace and your day will be good.
Say "yes" to life. This day may be all you have live it! Modern living isn't about doing your daily chores but living a beautiful life.
Try to hold on to the moments and live them.
Try to live your life one day at a time,
Switch off from all the distraction and focus on your family. They are important and you must cherish them. If you live each day with maximum intensity and purpose,
your life will have direction and you won't regret wasting even a minute.
Here's to the power of the morning.

1. Wake up Early, Reduce the stress
2. Enjoy your morning
3. Meditate
4. Plan your day
5. Give yourself a compliment
6. Make someone happy
7. Enjoy your first meal
8. Go slow
9. Do something different

*-Sunita Jarer*





## જીવન ની નવીનતા

જીવન એક બહુ મોટું કેનવાસ છે,
એના પર એ બધા ચિત્રો દોરો જે તમારું મન દોરવા ઇચ્છે છે.
નવા લોકો ને મળવું, નવા મિત્રો બનાવવા, નવા વિચારો જાણવા, ,
જીવનની નવીનતા માણવી એ મને બહુ ગમે.
એટલે જે હું નવા મિત્રો ની તલાશ માં ફરતો જ રહું છું. l.

બંધ આંખે હું ચાલતો નથી, સંબંધો વીસે હું કાઇ જાણતો નથી, હસી ને
લોકો ને મળવું મારો શોખ છે, મળ્યા પછી કોઈ મને ભૂલી જાય
એ વાત હું માણતો નથી ....!!

-પંડ્યા ભૂમિકા



## My Brother is My Best Friend

When I was sad and alone in my room,
He is my brother who comes and talk about
my groom. When my parents scolded me and
closed me He is my brother who always
supported me.
When I was in any fear in my ears,
He has always tears in her eyes.
When I talked about the flights of life,
He is my brother who cries in happiness.
When the whole creation try to make me looser,
He is the only one who makes me the winner.
When there is darkness and all become deaf,
He is my brother who makes me feel
better and safe.
When everyone think about my incapability,
weaknesses and desirability,
My brother, who makes talks about my ability,
strength and achievements.

***- Puja Poshiya***



## Mom & Me

Mom is most beautiful word in the world,
When I am scared about something,
You give me energy to fight. When I feel alone, You are always with me,
When all are against me, You stand with me.
When no one trusts me, You trust me.
When I sleep in your lap, I feel like being in heaven.
Without you I am incomplete. How can I express your value in my life?
I have no any words to define you.
You are my everything, you are my god.

***- Khyati Radadiya***

**સૌરાષ્ટ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજકોટમાં પોતાના ઘર જેવું જ વાતાવરણ તથા સગવડતા સભર નવુજ...**

# શેફર્ડ બોયઝ હોસ્ટેલ







હા... જી હવે રાજકોટમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓની અગવડતાઓ તથા મુશ્કેલીઓનો અંત આવી ગયો છે. જે વિદ્યાર્થીઓને રાજકોટમાં અભ્યાસ કરી પાતાની ઉજજવળ કેરીયર બનાવી છે. તેઓ માટે સ્વર્ગસમાન સગવડતા સભર આપની કોલેજથી તદ્દન નજીક અમોએ આપના માટે અદ્યતન સુવિધા શેફર્ડ હોસ્ટેલનું આયોજન કરેલ છે.

## સુવિધાઓ

- દરેક વિદ્યાર્થીઓને ઘર જેવું જ શુદ્ધ સાત્વિક વેરાયટી સાથેનું જમવાનું તથા ચા-નાસ્તો.
- કોલેજથી તદ્દન નજીક હોસ્ટેલની સુવિધા.
- સંપુર્ણ હવા ઉજાસવાળા રૂમ.
- વિદ્યાર્થીઓને સુવા માટે આરામદાયક સેટી પલંગની વ્યવસ્થા.
- ૨૪ કલાક પાણીની સુવિધા.
- કપડા ધોવા માટે ધોબીની વ્યવસ્થા.
- ઘર જેવું સુંદર અને રમણીય વાતાવરણ.
- વિદ્યાર્થીઓને પીવા માટે મીનરલ વોટરની ફેસેલીટી.
- વિવિધ ધાર્મિક તહેવારોની સંસ્કાર ભેર ઉજવણી.
- CCTV કેમેરા સાથેની સુસજ્જ હોસ્ટેલ.

**અત્યારથી હોસ્ટેલ એડમીશન માટે બુકિંગ ચાલુ છે, તો વહેલા તે પહેલાના ધોરણે એડમીશન ચાલુ છે. તથા સંખ્યા મર્યાદિત હોવાથી આપનું એડમીશન વહેલા બુક કરાવવા વિનંતી.**

**શેફર્ડ બોયઝ હોસ્ટેલ**
સુનીલભાઈ એન. ભાતેલીયા - ૯૭૨૭૬ ૯૦૩૭૫
સંજય એસ. પાંઉ - ૯૮૯૮૨ ૫૪૮૨૧
સંત કબીર રોડ, જુના જકાત નાકા સામે, રાજકોટ-૩.




યાત્રા પ્રવાસ, ફેમીલી તથા ગ્રુપ ટુર, સ્કુલ પ્રવાસમાં જમવા-રહેવા સહીત આયોજન કરી અપાશે.
લગ્ન પ્રસંગે, નાની-મોટી એ.સી. તેમજ નોન એ.સી. ૧×૨, ૨×૨ તેમજ સ્લીપર લઝગરી બસ ભાડે મળશે.

અક્ષર એપાર્ટમેન્ટ, પહેલો માળ, ટાટા ગણેશ શો-રૂમની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. ફોનઃ ૦૨૮૧-૨૫૭૧૬૧૩
શૈલેષભાઈ પટેલ : ૯૮૨૪૨ ૨૮૬૧૩, ૯૪૨૭૭ ૨૮૫૧૩, ૮૦૦૦૦ ૧૩૦૧૩ ઉકાભાઈ ડી. પટેલ : ૯૪૨૬૯ ૯૨૦૧૯ કાલાવડ ઓફિસ : ૦૨૮૯૪-૨૨૨૧૦૮





# સ્ત્રી...

સ્ત્રી એટલે શક્તિનો સ્ત્રોત ? કરુણાની મુર્તિ કે સહનશક્તિનું સામર્થ્ય ધરાવતું વ્યક્તિત્વ કે શૌર્યતાનો સાગર ? આમ તો સ્ત્રીને અનેક ઉપનામ અપાયા છે અને અનેક તત્વોનું સંયોજનરૂપ કુદરતનું અદભૂત સર્જન કહી શકાય.

સ્ત્રીનો આ જગતમાં જન્મ થાય અને સ્ત્રી પોતે એક બાળકને જન્મ આપે ત્યાં સુધીની યાત્રા જોઈએ તો કહી શકાય કે, એક દિકરી તરીકે તે પિતાનાં જીવનમાં આવતી છેલ્લી સ્ત્રી છે, એક બહેન તરીકે ભાઈનું કાળજું છે.

હવે શરૂ થાય છે સ્ત્રીની ગ્રુહલક્ષ્મીની યાત્રા. એક પત્ની તરીકેની જવાબદારી વિશે નીતીશાસ્ત્રમાં સરસ કહ્યું છે, કાર્યેષુ મન્ત્રી કરણેષુ દાસી, ભોજ્યેષુ માતા, શયનેષુ રમ્ભા. ધર્માનુકુલા ક્ષમયા, ધરીત્રી ભાર્યા ચ ષાડગુણ્યવતીહ દુર્લભા. પ્રાચીન ભારતીય પરંપરાથી લઈને અત્યારે સ્ત્રી સમાજના દરેક ક્ષેત્રોમાં બધી જ જવાબદારી અદકેરી રીતે નિભાવે ભાવે છે. એ પ્રાચીન કાળના ગાર્ગી, લોપામુદ્રા, દ્રોપદી કે અપાલા હોય કે અત્યારે સાયના નહેવાલ, મિતાલી રાજ, ઈન્દ્રા નૂયી, સુધા મૂર્તિ આવા તો બધા ક્ષેત્રે ક્ષેત્રે અનેક નામો લઈ શકાય.

એક ગ્રુહીણી તરીકે પણ સ્ત્રીનું અમૂલ્ય મહત્વ કહીએ તો www. salary. com નામની website નાં એક સર્વે અનુસાર ગ્રુહિણી સવારથી સાંજ સુધી જે કામ સંભાળે છે. તેના વાર્ષિક પગારની ગણતરી કરીએ તો પણ એક લાખને સત્તર હજાર ડોલર જેટલો થાય. full time homemaker is a big dignity.

એક માતા જેમાંથી સ્ત્રીની જિંદગીની આખી નવી સફર શરૂ થાય છે. સ્ત્રી જીવમાંથી એક જીવ છૂટો પાડે છે, તે સર્જક છે. એટલે જ સ્ત્રી ઈશ્વરની વધુ નજીક છે, ઈશ્વરે તેને પોતાની લગોલગ બાજુમાં સ્થાન આપ્યું છે.

અહીં આ બધી વાત થયા પછી એટલુ કરી શકાય કે સ્ત્રીને સન્માન આપી શકાય.શાસ્ત્રોમાં લખ્યું છે કે સ્ત્રી અને ભૂમિ હંમેશા રક્ષાયેલા રહેવા જોઈએ. બીજી તરફ જોઈએ તો દીકરીને દીકરાની જેમ નહિ પરંતુ પોતાને દીકરી હોવાનું ગૌરવ થાય તે રીતે ઉછેરી શકાય. હા, અત્યારે સ્ત્રીની સુંદરતાને વધુ project કરાય છે, પણ સાથે-સાથે સ્ત્રીએ પોતે પણ યાદ રાખવું જોઈએ કે, મારામાં સ્નેહ, બુદ્ધિ, પ્રતિભા, કાળજી, સમર્પણ, ત્યાગ, શૌર્યતા, આવડત આ બધા ગુણો છે જે સુંદરતાથી ક્યાંય પર છે.

- સરવૈયા દિપાલી



# કોશિશ

તૂટતાં આ શ્વાસો ધીમા પડતાં જાય છે
કાંઈક કહેવાની કોશિશ કરતાં જાય છે
મન હતું ગીત ગુંજવાનું પણ
સંગીતના સૂર ખોવાતા જાય છે
સુરજ ની રોશની સમાં
દિપ પણ હવે બુઝાતા જાય છે
ફૂલોના ગુલશન ભર્યા
હવે પાનખરને માર્ગે ચાલ્યા જાય છે
સ્નેહ સારવારમાં ડૂબકી મારતા
બે મીઠા બોલ માટે તડપતા જાય છે
વર્ષની હેલીમાં મહાલવા ઇચ્છતા
ઉના આંસુના ટીપાં સારતા જાય છે
બસ, તૂટતાં શ્વાસો વિદાય લેતા
કઈક કહેવાની કોશિશ કરતાં જાય છે

-રાઠોડ કિરણ





## માણસ

પથ્થર જેવો થઇ રહ્યો છે માણસ,
માણસથી દૂર જઇ રહ્યો માણસ.
મોંઘવારીમાં ધોવાઈ ગયો છે માણસ,
મોબાઇલમા ખોવાય ગયો છે માણસ.
દુનિયા જોય નવાઈ પામી રહ્યો છે માણસ
સેલ્ફી લેવા ભવાઇ કરી રહ્યો છે માણસ.
દોસ્ત મટી દુશ્મન થઈ ગાયો છે માણસ,
દોડતો ને પડતો થઈ ગયો છે માણસો.
હું, મારુ, મારામાં ભટકાયો છે માણસ,
સબંધોની જંજાળમાં અટવાયો છે માણસ.
સપનાઓમાં રહેવા લાગ્યો છે માણસ,
વાસ્તવિકતામાંથી ખોવાઈ ગયો છે માણસ.

-ધડા શબાના



## "ખુદા મળે"

હરદમ તને જ યાદ કરું, એ દશા મળે,
એવું દરદ ન આપ કે જેની કોઈ દવા મળે.
સોંપી દઉં ખુદાઇ બધી એના હાથમાં,
દુનિયામાં ભૂલથી જો કોઈ બાવફા મળે.
ઝંઝા સમે ગયો તે ગયો, કૈ પાટો નથી,
દેજો અમારી યાદ અગર ના ખુદા મળે.
સૌથી પ્રથમ ગુનાની કરી જેને કલ્પના,
સાચો અદલ તો એજ છે કે એને સજા મળે.
કાઠું થયું હૃ દય તો જીવનની મજા ગઈ,
એ પણ રહી ન આશ કે જખ્મો નવા મળે.
રાખો નિગાહ શૂન્યના પ્રત્યેક ધામ પર,
સંભવ છે ત્યાં જ કોઈપણ રૂપે ખુદા મળે.

-જયેશ સોલંકી



## બચપણ

મારું બચપણ ક્યાં ખોવાય ગયું રે આજ
ઓલી આંબલીને વડલાના કાતરાને ટેટામાં
ચીપકી ગઈ મારા આંગળાની મોંઘેરી છાપ..... મારું
ડાળખીએ ડાળખીએ પાને રે પાને
લચકી રહી મારા બાળપણની ખુશીની ચીખ..... મારું
ગામના પાદરમાં, સૂતેલા કાકારમાં
ઊછડી રહી છે મારા બચપણની છોળ
પગલાની છાપ ના છીપે રે પાદરમાં
મારા ગિલ્લી- દડાની મિરાત
મારા મનડાને કેમ થાય નિરાત..... મારું
નાનકડી તળાવડીના નીરની નજરૂમાં
મને આવે છે ધુબાકાનો સાદ
આ ઉંબર થયા આજ ડુંગર
હવે કેમ કરી પકડું એ હાથ
મારું બચપણ ક્યાં ખોવાય ગયું રે આજ.......

-જોગલ શાંતિ કે.



## સુધારા કરવા લાગ્યા છે.

સાચી સંસ્કૃતિને ખોટી માણવા લાગ્યા છે
પોતાની જાતને મહાન ગણવા લાગ્યા છે.
સુધારી ગ્યા છે એટલી હદે અમુક,તો જો,
ધર્મમાં પણ જાતે સુધારા કરવા લાગ્યા છે.
ચાર ચોપડી શું ભણી ગ્યા ત્યાં તો જુઓ,
વેદ ને ઉપનિષદોમાં પણ ભૂલ કાઢવા લાગ્યા છે.
કેમ સમજાવવા એવા અબુદ્ધોને,કહો જી,
જે પોતાને જ જાણકાર જાણવા લાગ્યા છે.
વેપલો માંડ્યો છે વડા નોખા કરી સહુએ,
પંથના નામે ધર્મમાં ફાંડા પાડવા લાગ્યા છે.
પૂજાય છે પ્રપંચ કરીને એનઆઇટી નવા નવા પછી,
પારકા પૈસે કેવાં મોજ માણવા લાગ્યા છે.
અફસોસ છે બસ એટલો જ " વિજય " કે
હાથે હાથે સૌ અહી સંત બનવા લાગ્યા છે.

-હાડગરડા દેવરાજ





## પડકાર ઝીલનાર માણસ

હું પડકાર ઝીલનાર માણસ છું
હું તેજ ઉછીનું લઉં નહી
હું જાતે બળતું ફાનસ છું .
ઝળાહળાનો મોહતાજ નથી
મને મારુ અજવાળું પૂરતું છે
અંધારના વમળને કાપે
કમળ તેજતો સ્ફુરતું છે
ધુમ્મસમાં મને રસ નથી
હું ખુલ્લો અને નિખાલસ છું
પ્રારબ્ધને અહિયાં ગાઠે કોણ ?
હું પડકાર ઝીલનાર માણસ છું
હું પોતે જ મારો વંશજ છું
હું પોતે મારો વારસ છું
પ્રારબ્ધને અહિયાં ગાઠે કોણ ?
હું પડકાર ઝીલનાર માણસ છું

-જોઇસર નિરાલી



## કરશો નહી

દાન આપો જમણા હાથે
ડાબા હાથને કહેશો નહીં...
આંસુ લૂછો દીન દુખીયાના
કોઇના કાનમાં કહેશો નહીં...
ભૂલ કરો જીવનમાં જ્યારે,
કબૂલાતમાં નાનપ માનશો નહીં...
માતા-પિતાની દેવા કરો ત્યારે,
સ્વર્ગ ની આશા કરશો નહીં...
વર્તમાનની સુખસાહેબીને તમે,
ભવિષ્યની મૂડી ગણસો નહીં...

-મનાલી પાણખાણીયા



## ગઝલ :- સહી નથી

મજહબની એટ્લે તો ઈમારાત બળી નથી,
શયતાન એ સ્વભાવ કોઈ આદમી નથી.
તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી,
સારૂ થયુ કે કોઈ મનુજે લખી નથી
ત્યા સ્વગ્ર ના મળે તો મુસીબતના પોટ્લા,
મરવાની એટ્લે મે ઊતાવળ કરી નથી.
કેવા શુકનમા પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.
શ્રધ્ધાનો હો વિષય તો પૂરાવાની શી જરૂર?,
કુરઆનમા તો ક્યાય પયગમ્બરની સહી નથી.
હિચકારૂ કૃત્ય જોઈને ઈન્સાનો બોલ્યા,
લાગે છે કે આ રમત કોઈ શયતાન ની નથી.
ડૂબાડી દઈ શકુ છુ ગળાબૂડ સ્મિતને,
મારી કને તો અશ્રુઓની કઈ કમી નથી.
ઊઠબેસમા જો ભૂલ પડે મનના કારણે,
એ બંદગીનો દ્રોહ છે, એ બંદગી નથી.
મૃત્યુની ઠેસ વાગશે તો શુ થશે '' જલન'',
જીવનની ઠેસની તો હ્જૂ કળ વળી નથી.





## જીવનની કડવી વાસ્તવિકતા

ઝખ્મો પામીને પણ જીવવું પડે છે
જીવતા રહીને પણ મરવું પડે છે
જીવો તો ખરા હાલ આં જગતમાં
માણસ બનીને કેટલું ગુમાવવું પડે છે

રડતાં હોય ભલેને હૃદય ગમે તેવા,
છતાં ચહેરે સ્મિત રેલાવવું પડે છે
સમાજ સાથે હળીમળીને રહેવા,
કારણ વગર પણ શરમાવું પડે છે

જોવા માંગતા ન હોય ચહેરા જેના,
એવાઓની સામે પણ મલકવું પડે છે
સબંધો સાચવવા ખાતર અહી,
સાચાઓને પણ નમવું પડે છે

અફસોસ છે બસ એટલો જ કે,
સચ્ચાઈ ને અહિયાં ચુપ રહેવું પડે છે

-રાઠોડ શૈલેષ



## પુરાવો કોઈ નક્કર નથી મળતો ...

પુરાવો કોઈ નક્કર નથી મળતો ,
મળે છે નાગ પણ શંકર નથી મળતો .
નકામો શોધશો નાં, બંધ છે પડદા,
પતે સર્કસ પછી જોકર નથી મળતો.
પ્રભુને માત્ર મારે એટલું પૂછવું.
ગરીબોને કદી ઈશ્વર નથી મળતો ?
હસાવી દે, રડાવી દે, બે પળમાં જે,
લખે એવી ગઝલ, શાયર નથી મળતો.
અરીસામાં નહી શોધો તમે માણસ,
બહાર હોય, એ અંદર નથી મળતો.

-સુમરા નાઝમીન



## બાળપણ

અમૃત જેવુ લાગે છે બાળપણ
કિલ્લોલતા પર્સરાવે છે બાળપણ
કાળુઘેલું બોલે છે બાળપણ
રમતમાં મગ્ન છે બાળપણ
પરંતુ ઘડીભરનું છે બાળપણ
થોડું દૂર થતું જાય છે બાળપણ
યુવાની માં વિલીન થાય છે બાળપણ
મોજશોખ માં ભૂલાય છે બાળપણ
ત્યાં વળી પાછું કળાય છે બાળપણ

હા!!!! બુઢાપારૂપે આવે છે બાળપણ..........

-પટેલ ક્રિષ્ના



## જિંદગી

જન્મ અને મરણ વચ્ચેનો સમય છે જિંદગી,
પ્રેમ અને નફરત વચ્ચેનો સમન્વય છે જિંદગી,
હાર અને જીતની અનોખી રીત છે જિંદગી,
સુખ અને દુ:ખની આવી પ્રીત છે જિંદગી,
ઘણાં ખરાં સવાલોનો જવાબ છે જિંદગી,
ઘણી ફરિયાદોમાં પણ કોઈકની યાદ છે જિંદગી,
તો ક્યારેક વળી દિવસ ને રાત છે જિંદગી
મારા સ્વાર્થથી રચાયેલ સૃષ્ટિ છે જિંદગી,
તો નફરતમાં છુપાયેલ પ્રેમની વૃષ્ટિ છે જિંદગી
સફળતા ને નિષ્ફળતાનો બોધ છે જિંદગી,
ક્યારેક કોઈ ખોવાયતો કોઇની 'શોધ છે જિંદગી

-તલસાણીયા નીલમ





## એવા છે શિક્ષક મારા...

કલમનો હોય 'ક' કે ગણિતનો સરવાળો ,
વ્હાલથી સઘળુ શીખવે છે, એવા છે શિક્ષક મારા.
મિત્રની જેમ સાથે રહે છે, ગમે છે તેનો સથવારો,
માથે સદા હાથ રાખે છે, એવા છે શિક્ષક મારા.
ટાઢક મળે જેની સમીપે, છે એવા વૃક્ષનો છાયડો,
મદદ કરવા આગળ રહેતા, એવા છે શિક્ષક મારા.
થઈ જાય ભૂલ જો મુજથી, તો દેતાના એ ડારો,
પ્રેમથી સાચા માર્ગે વાળતા, એવા છે શિક્ષક મારા.
પહેલા ગુરૂ મા-બાપ મારા, છે કેટ-કેટલા ઉપકારો,
એમની સાથે નામ જેનું આવે, એવા છે શિક્ષક મારા.
લાગે ટૂંકા રાત-દિવસને, પડે ટૂંકો આ જન્મારો,
તોય નો ચુંકાય ઋણ જેનું, એવા છે શિક્ષક મારા.

-ચોટલીયા સેજલ



## મેહુલ ડાભી






## જસ્ટ વન મિનિટ...

આજુબજુના બ મકાનમાથા અકમા અક નિવૃત વ્યક્તિનું કુટુંબ રહે ને બીજમાં એક વેપારીનો પરિવાર રહે.બન્નેને ફુલ ઝાડ ઉગાડવાનો શોખ આથી કમ્પાઉંડમાં એમણે છોડ ઉગાડેલા.

વેપરી છોડને ખૂબ પાણી આપે ને બહુ કાળજી લે. નિવૃત ઓછું પાણી આપે ને કાળજી પણ પ્રમાણમાં ઓછી લે. વેપારીના છોડ લીલા ને ભરાવદર દેખાય.

એક રાતે વાવાઝોડું આવતાં વેપારીના છોડ મૂળમાંથી ઊખડી ગયા ને નિવૃતના છોડ બચી ગયા. આ જોઇને વેપરીને ખૂબ નવાઇ લાગી. એમણે પેલા નિવૃતને કારણ પૂછ્યું.

નિવૃત કહે :તમે છોડને બધું જ આપ્યું. પૂષ્કળ પાણી,ખૂબ કાળજી આથી છોડને પોતાની રીતે કશું જ મેળવવાની જરૂર ન પડી. મે છોડને થોડું પાણી આપ્યુ, એને થોડું નીચે જમીનમાંથી જાતે પાણી લેવા મહેનત કરવા છોડી દીધા આથી મારા છોડનાં મૂળ જમીનમાં એકદમ ઊંડે સુધી ગયાં હોવાથી વાવાજોડા સામે ટકી ગયા ને તમરા છોડે એવી કશી મહેનત કરી ન હોવાથી ઊંડા નહોતા ને એથી ઉખડી ગયા.

આ વાત બાળ ઉછેર સાથે એકદમ લાગુ પડે છે.માં-બાપ તરફથી બાળકને લાડ-પ્યાર મળે એ જરૂરી છે,પરંતુ એના અતિરેકથી બાળકનો વિકાસ રૂંધાઇ જાય છે ને કપરી પરિસ્થિતિ સામે ઝીંક ઝીલી સાંગોપાંગ બહાર આવવાની એની વૃત્તી ખીલતી નથી.ટૂંકમા, લાડ લડાવવા ઉપરાંત બાળક ખુદ આત્મનિર્ભર બને એનો મા-બાપે ખયાલ રાખવો રહ્યો.

સંકલન
-ડાંગર પરેશ






## એક દી' પ્રેમ બની વરસી પડશે

હાર નો જશ્ન મનાવો,
સમય તો એક દિવસ જતો રહેશે
હકીકત ને આજ બનાવો,
કાલે તો ફરી પણ આવતી રહેશે

દિલ નું સાંભળી ખુશી ઉજવો,
મગજમાંથી તો એક દિવસ બધું જતું રહેશે

એહસાસ માં છુપાયેલ સત્ય શોધો,
જુઠ્ઠાણું તો પળે પળે મળશે
પ્રેમ થી દુનિયા લૂટો,
નફરત પણ એક દી' પ્રેમ બની વરસી પડશે

-દાસા અરજણ



## પ્રથમ પગથિયું

અત્યારે ન પૂછો મને, મંજિલ ક્યાં છે?

હજુ તો મે ચાલવાનો ઇરાદો બનાવ્યો છે.
હારી નથી, હારીશ નહીં. આત્માને વાયદો કર્યો છે.
અત્યારે ન પૂછો મને, રસ્તો કઠીન છે?

હજુ તો મે પગ ઉપડવાનું શરૂ કર્યું છે.
થાકી નથી, થાકીશ નહીં. પગ પર ભરોસો છે.
અત્યારે ન પૂછો મને, સફર લાંબી છે?

હજુ તો મે રણ અને દરિયાના દર્શન કર્યા છે.
ઊડી લઇશ, તરી લઇશ. ભૂજાઓ મજબૂત રાખી છે.
અત્યારે ન પૂછો "વિભૂતિ" ને સફળતા મળશે ખરી?

હજુ તો મે પગથિયાં ગણી ને રાખ્યા છે.
પ્રયાસો પછી પ્રયાસોની નિસરણી રાખી છે.

-દયાળા વિભૂતિ આર.



## ગીત

આપણે આપણા તાનમાં રહેવું, આપણે આપણા માનમાં રહેવું.
કોઈને ભલે બાગમુબારક, આપણે તો વેરાનમાં રહેવું.
વેરાન તોયે આપણુ વેરાન વ્રુદાવનની છાયા જેવું,
છાયા જેવું, છાયા જેવું .....
મીરા, ગોપી , રાધા એતો કાયમ માટે કન્હામાં રહેવુ,
કોઈને ભલે બાગમુબારક, આપણે તો વેરાનમાં રહેવું.
જગતના તો રસ્તા કેવા રૂપાળા થઈ રઝળે એવા
આપણે આપણી નાનકી કેડી નહી કશી કોઈ લેવા દેવા,
જેવા તેવા જેવા તેવા ......
જેવા તેવા આપણે તોયે આપણે આપણા માનમાં રહેવું.
કોઈને ભલે બાગમુબારક, આપણે તો વેરાનમાં રહેવું.

-લકુમ ભાવિકા



## I LOVE MY PAPA

કહું એક કહાની છે મસ્ત મજાની.
છું હું ઢીંગલી પાપાની વહાલી ને તોફાની
દિલમાં વસેલી એમના આખોમાં હું સમાણી
સામે જોઉ પાપાની પાપાને હોઠે હાસ્યની ઉજાણી
રડું છું છાનીમાની તોય પાપા જાય પિછાણી
નટખટ હું ખેપાની પાપા સમજાવે થઈ જા તું શાણી
હતું અદભૂત બચપન વહી રહી યાદો ની સરવાણી
ભલે હું થઇ હોઉ મોટી તોય મારા પાપા ના હ્ર દય માં સમાણી
હું ચાહું છું પાપાને હું દિકરી એમની સયાની.
I LOVE MY PAPA

-દેશમુખ અંજલિ

સ્થાપના વર્ષ - ૨૦૦૨

પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# પંચશીલ વિદ્યાભવન

આર.ટી.ઓ. સામે, પેડક રોડ, શક્તિ સોસાયટી, રાજકોટ-૩. ફોન નં. (૦૨૮૧) ૬૫૪૭૨૧૨



## પંચશીલ વિદ્યાભવનમાં ચાલતા શૈક્ષણિક કોર્ષ

- પંચશીલ કૉલેજ ઑફ એજ્યુકેશન (બી.એડ્.)
- પંચશીલ મહિલા પી.ટી.સી. કૉલેજ
- પંચશીલ પી.ટી.સી. કૉલેજ (મહિલા)
- પંચશીલ માધ્યમિક શાળા (ધો.૮ થી ૧૦)
- પંચશીલ પ્રાથમિક શાળા ધો. ૧ થી ૭
- પંચશીલ બાલવાટીકા, નર્સરી થી H.K.G.
- પંચશીલ કન્યા છાત્રાલય

❖ ટ્રસ્ટીશ્રીઓ ❖

શ્રી શૈલેષભાઈ વોરા
શ્રી મનસુખભાઈ કોદાળા
શ્રી બાબુભાઈ વોરા
શ્રી ઝવેરભાઈ રંગાણી
શ્રી રવજીભાઈ કોરાટ

❖ સંલગ્ન સંસ્થાઓ ❖

- ❖ માસુમ વિદ્યાલય-રાજકોટ
- ❖ રોયલ સ્કુલ્સ-રાજકોટ
- ❖ વિવેકાનંદ વિનય મંદિર -જસદણ





## પતંગને દોરાનું બંધન સ્વીકારવું જ પડે છે

### પતંગને દોરાનું બંધન સ્વીકારવું જ પડે છે

નદી વીફરે છે, પૂર આવે છે,
હવા વીફરે છે, ઝંઝાવાત સર્જાય છે,
પૃથ્વી વીફરે છે, ભૂકંપ આવે છે,
દરિયો વીફરે છે,સુનામી આવે છે,
પણ
માણસ વીફરે છે,જે હાહાકાર સર્જાય છે,
એનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી,
જીવનને વેશ્યા જેવું બનાવી દેવું,
વેશ્યાને કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે,
કોઈ પણ પુરુષ ચાલે,
બસ , એ જ રીતે વીફરેલા માણસને
કોઈ પણ પ્રકારનું નિંદનીય કાર્ય કરવામાં વાંધો નહીં,
પથ્થરને જ્યારે હાથનો આધાર નથી મળતો,
શરીરને જ્યારે જમીનનો આધાર નથી મળતો,
ત્યારે એ જો નીચે તરફ જ ધકેલાય છે,
તો જીવનને જ્યારે સમ્યક બંધનોનો આધાર નથી મળતો,
ત્યારે એ નીચે તરફ જ ઢકેલવું હોય તો,
એમાં કોઈ આશ્ચર્ય નથી,
વીણાને તારનું બંધન જોઈએ જ ,
નદીને કિનારનું બંધન જોઈએ જ,
ખેતરને વાડનું બંધન જોઈએ જ,
પતંગને દોરનું બંધન જોઈએ જ,
તો જીવનને મર્યાદાનૃં, વિવેકનૃં અને અંતઃકરણનૃં બંધન જોઈએ જ.

–કટારીયા માનસી કે.



## બાળકો કહે છે...

- અમને ઉતારી ન પાડો.
- અમારા પ્રત્યે પક્ષપાત ન કરો.
- સારા દેખાવો,સારું વર્તન કરો.
- વર્ગમાં ફડાકા ( ગપ્પા ) ન મારો.
- અમારી મહેનત પર નજર તો નાખો.
- અમને વાત વાતમાં ધમકાવશો નહિ.
- અમને થોડા હસાવો અને તમે પણ હસો.
- જે ભણાવો તે પૂરી તૈયારી કરીને ભણાવો.
- બહુ બૂમ - બરાડા ન પાડો,શાંતિથી બોલો.
- બાથરૂમ જવાની છૂટ આપો,ગોંધી ન રાખો.
- ઈતર સાહિત્ય વાંચીને તેની વાતો
  અમને કરો.
- અમારી સર્જકતાને વખોડો નહિ
  ,પ્રોત્સાહિત કરો.
- ધીરજ રાખો,,અમને બધું ઝટપટ ન આવડી જાય.
  તમારું પાંડિત્ય ન દેખાડો ,
- ભારેખમ શબ્દો ન વાપરો.
  બધું અમારા પર ન છોડો,અમને
  વધુ ને વધુ મદદ કરો.
- અમને માત્ર માહિતી ના આપો,
  વિષય ઊંડાણમાં લય જાવ.
- અમને સ્વાધ્યાયના ભાર નીચે ના દાબો,
  થોડીક મોકલાશ આપો.
- અમે લેસન કરીએ ત્યારે બેસી ન રહો,
  અમારી વચ્ચે ફરો,જુવો અને પ્રેરો.
- વર્ગ છોડીને બહાર ન જાઓ,તમારી
  ગેરહાજરીમાં ઘણું બને છે જે અમને નથી ગમતું.

-જોષી સંજય





## અંધકાર

આટ આટલુ  અંજવાળું હોવા છતા
દેખાતું નથી કાંઈ
દેશ ડૂબ્યો ભ્રષ્ટાચારની આગ માં
છતાં ઉઘડતી નથી આંખ
આટ આટલુ...
રીઝવવા ભગવાને કરે અવનવું કાંઇ
મા –બાપને લાગે ના કદી પાય
આટ આટલુ...
ગરીબી-બેકરીથી થમથમે દેશ આખો
છતાં મંદિરો ભરાય છે દાનથી
આટ આટલુ...
ઘેટાં-બકરા રૂપી ભણતર ભણે દેશ આખો
છતાં બોલતું નથી કાઇ કોઈ
આટ આટલુ...

-હેતલ માંડાણી



## મીઠી મધુરી યાદો

જિંદગીની ગાડી ચાલી રસ્તા પર
કોઈ ચહેરા ના મળ્યા મને હસતાં પણ
આજ સુધી મે ઘણા દેશ પરદેશ વિખ્યા પણ
આજુ બાજુ ની દુનિયા મને લાગી મિથ્યા

કેવા અજબ ગજબ ના હોય છે માણસો
ક્યારે તમે જિંદગી ની મોજ માણસો
કેવું સુવાળું આપ્યું પ્રભુએ તન અને મન
પણ આખી જિંદગી ઘસ્યું એને ભેગું કરવા ધન

બાળપણ માં કરેલી એ મોજ આજે આવે યાદ
નાનપણ માં મિત્રો અને શેરીએ કરે છે સાદ
શાળા ના વર્ગ અને કૉલેજ ના બાકડા યાદ છે મને
મિત્રો સાથેની મજા અને શિક્ષકે આપેલી સજા યાદ છે મને

જિંદગી ની ગાડી ચાલે સતત એના રંગ માં
હું ચાહું એ પસાર થાય મારા મિત્રો ના સંગ માં

-સાવલિયા અક્ષય



બાદી નજમીન





# દયાની દેવી

શિયાળાનો સમય હતો . કડકડતી ઠંડીમાં બજાર સૂમસામ હતી. ભાગ્યેજ કોઈ માણસ બહાર નીકળવાની હિંમત કરતો હતો.. આવા વાતાવરણમાં પણ એક ફાટેલ-તૂટેલ કપડાં વાળો લઘર-વઘર થયેલો, અસ્ત-વ્યસ્ત વાળ,ફાટી ગયેલ હોઠ અને અના પર પડેલા ચીરામાથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. ભિખારી જેવો બાળક એક ફાઇવ સ્ટાર જેવી દુકાનના શો કેસની કાચની બારીમાથી અંદર નજર કરી રહ્યો હતો. પગ ઉંચા કરી કરીને અંદર જોવા પ્રયત્નો કરી રહ્યો હતો. ઠંડીથી બચવા ક્યારેક પોતાના હાથ બગલમાં રાખી દેતો. દુકાનમા રહેલ બ્રેડ,કપડાં,ગરમ કપડાં જોતો જોતો જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો. ?

"બેટા! અંદર શું જોઈ રહ્યો છે? આટલી કડકડતી ઠંડીમાં ક્યારનો તું યે કાચની આરપાર શું જોઈ રહ્યો તો ? તને શું દેખાઈ છે ? " પૈસાદાર લાગતી કોઈ પ્રેમાળ સ્ત્રીના હાથનો સ્પર્શ અને અમી ઝરતાં શબ્દોએ બાળક ચોક્યો પાછું ફરીને હળવેકથી બોલ્યો, 'મેમ ! હું દેવ ને પ્રાથના કરતો હતો મનોમન સ્મરણ કરતો હતો કે મને પેલા બૂટ-મોજા અપાવે ! મારા પગ હવે ઠંડી સહન કરી સકતા નથી .

પેલી શ્રીમંત લાગતી સ્ત્રી થોડી વાર માટે તો વિચારોના વ્રુદાવનમા વિહરવા લાગી. ગોળમટોળ ભરાવદાર ચહેરો, સપ્રમાણબંધો ગોરો વાન ધરાવતી સ્ત્રીને ઢંઢોળતો છોકરો બોલ્યો, 'મેમ ! ભગવાન મને બુટ મોજા મોકલશેને ? '

એ સ્ત્રી પેલા છોકરાને અનિમેષ નજરે નિહાળી રહી પછી એનો હાથ પકડીને એ એને દુકાનની અંદર લઈ ગઈ.. સ્ત્રીએ કાઉન્ટર પર બેઠેલા માણસને કહ્યુ , ' આ છોકરાના માપના સારા બુટ મોજા કાઢી આપો અને તેના માપના કપડા અને ગરમ કોટ કાઢી આપો . આ અરસામા એણે એક નોકરને બાથરૂમમા ગરમ પાણી રાખવાનુ પણ કહી દિધુ હતુ. તેણે બાળકના હાથ-પગ ગરમ પાણીથી ધોવડવી પછી એને નવા કપડા પહેરાવ્યા અને કેન્ટીનમા નાસ્તો અને ચોક્લેટ આપી..

"અલ્યા છોકરા ! તું એ સ્ત્રી ને ઓળખે છે ? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે.બુટની દોરી બાંધતા બાંધતા કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો.

માથું હલાવી છોકરાએ હા પડી. કાઉન્ટર પરના માણસે ખાતરી કરવા પૂછ્યું ," કોણ હતી એ સ્ત્રી ?" "એ દેવની પત્ની દેવી હતી " દયાની દેવી હતી ! આંખમાં છલકાઈ આવેલા આંસુ સાથે બાળકે જવાબ આપ્યો . મે દેવને પ્રાથના કરી હતી ને એટલે દયાની દેવી મને બુટ આપવા આવ્યા હતા." બાળકને રાજીના રેડ થતો જોઈ કાઉન્ટર પરનો માણસ રાજીના રેડ થઈ ગયો .

- મણવર વિહારિકા





## પિતા

થાક ઘણો હતો ચહેરા પર પણ,
આમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતાં જોયા છે.
આખમાં ઊંઘ હતી ઘણી છતા પણ,
ચિંતા માં જાગતા જોયા છે.
તકલીફો ચારે બાજુથી હતી પણ,
હિમ્મત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે.
કોઈને તકલીફ વર્ણવતા ન હતા ,પણ
અડધી રાતે ખૂલી આખે,અમારા ભવિષ્યનાં સપના સજાવતા જોયા છે.
પાઇ પાઇ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે,
એ ખુશી માટે પોતાના શમણાઓને રોળતા જોયા છે.
પોતાની પસંદગીને ના પસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે.
વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી,
પિતા સ્વરૂપે સર્જન હારને જોયા છે.

-છેલાણા વિજય



## બાળપણ મારું

ખીલતી ફૂલની કળી જોઈને
યાદ આવે છે બાળપણ મારુ
માસુમીયતની ખીલખીલાહટ સાંભળીને
યાદ આવે છે બાળપણ મારુ
ના કોઈ ફિકર ના કોઈ ટેન્શન
જીજ્ઞાશાથી ભરપૂર હતું મારુ મન
નાની આખોમાં સપનાઓ મોટા લઈને
ફરી આવતી હું છેક ગગન
આકાશ માં ઊડતાં પતંગ જોઈને
ને વાદળ માં છુપાતા સુરજ ને જોઈને
હસતું-રમતું કિલ્લોલ કરતું
યાદ આવે છે બાળપણ મારુ
સવારથી થતી આ દોડધામ માં
ને સાંજે અનુભવાતી થકાન માં
બસ અહી તહી ની ફિકરમાં જ જાણે
ખોવાઈ ગયું છે બાળપણ મારુ
આખો દિવસ ઉછળકૂદ કરતું
તોયે કદી નહી થાકતું એવું
હસતું-રમતું ધમાલ કરતું
યાદ આવે છે બાળપણ મારુ
વીતી ગયો છે સમય એ બાળપણનો
બની ગયો છે એ યાદોનો ખજાનો
એ ખજાના માં વધારો કરી જાય છે
સથવારો મારા પરમ મિત્રોનો
મિત્રો સાથે હસતાં-રમતા લાગે એવું
જાણે જીવી રહી છુ હું બાળપણ મારુ
એમની સાથે વાતો કરતાં લાગે એવું
જાણે ફરી પાછું આવ્યું છે બાળપણ મારુ

- ગોહેલ પુજા



## શબ્દનાં પ્રકારો યાદ રાખવાની કવિતા...

Every name is called a <u>NOUN</u>
As field and fountain, street and town
In place of noun the <u>PRONOUN</u> stands
As he and she can clap their hands
The <u>ADJECTIVE</u> describes a thing
As magic wand or bridal ring
The <u>VERB</u> means action, something done
To read and write, to jump and run
how things are done the <u>ADVERBS</u> tell
as quickly, slowly, badly, well
the <u>PREPOSITION</u> shows relation
as in the street or at the station
<u>CONJUCTIONS</u> join in many ways
sentences, words,or phase and phrase
the <u>INTERJECTION</u> cries out, hark
i need an exclamation mark!!

-Dhaval Danger





## ગાંધીજી...

ગાંધીજીનાં વિચારો છોડી, એનું નામ કેમ વેચાય છે...??
અહિંસાની વાત તો દુર, હિંસામાં ગાંધીજીને સમાવાય છે.....
ગાંધીજીની ખાદી સ્વદેશીની મશાલ હતીને આજે....
ખાદી ધારીઓથી દેશને સરેઆમ કેમ લૂંટાય છે?
સ્વતંત્રતા એમની મહામૂલી ભેટ છે ને આજે....
દરેકનું માનસ કેમ ગુલામીમાં સપડાય છે?
સ્વાભીમાન ની ગાંધીજીની વાતને ભૂલાય છે...
પરાધીનતાની પીડાને કેમ હસીને સ્વીકારાય છે???
સત્ય અને અહીંસાને પ્રાણના ભોગે પુજનારા એ...
એની છાપવાળા કાગળથી કેમ આ ગુણો ખરીદાય છે..??
સમૃધ્ધ ગામડાનું સ્વપ્ન જોનારાં એ મહાપુરુષ...
ગાંધીજીનું ગામડું આજ ગરીબીમાં કેમ સપડાય છે..??
બાપુના નામે ચાલનારી આ ધોળી ટોપીઓ...
એનાથી ગાંધી-વિચારોનું ચિર-હરણ કેમ જોવાય છે.??
"આશા" સ્વાર્થી વિચારોથી આજે સરકારો રચાય છે...
સતાને માટે કેમ ગાંધી , ગરીબી ને ગ્રામિણ હોમાય છે.??

**જેજરીયા આશા**



## ગણિતવર્ષ ગીત

**[રાગ: ઊંચી તલાવડીની કોર પાણી ગ્યાતા...]**

લાગ્યો ઉજવણીનો રંગ ગણિત સાથે
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
કોયડા, પ્રવૃતિઓને સંગ ગણિત સાથે,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
સંદર્ભ પુસ્તકો વાંચી ક્વિઝ સ્પર્ધા કરીયે,
સામયિકો વાંચીને લેખન નિબંધ યોજીએ,
વક્તૃત્વ સ્પર્ધા થાય ગણિત સાથે,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
રામાનુજન જન્મજયંતી કાજ ઉત્સાહ સાથે,
ગણિત માં છે એમનું રાજ અવ્વલ સ્થાને ,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
વેબસાઇટ ને સંસ્થા મુલાકાત સ્ક્રેપબૂક બનાવીને,
પ્રાર્થના-સંમેલનમાં દિન-વિશેષ યોજીને,
ગણિતશાસ્ત્રીઓનું પ્રદાન પરિચય સાથે,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
બાળકો કરે એવી ચર્ચા પ્રયોગો સાથે ,
બુલેટિન બોર્ડ અને પ્રશ્નપેટી ગોઠવી ,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...
લાગ્યો છે ઉજવણીનો રંગ ગણિત સાથે,
ચાલો ઊજવીએ ગણિતવર્ષ...

**પાનસુરીયા કિશ્ના**






## "માણસને માણસ ન ફાવે!"

જમવાનું ફાવે ભમવાનું ફાવે,
હસવાનું ફાવે ને રડવાનું ફાવે ,
ફાવે છે બધુ જે કાંઇ ભાવે
પંખીને ફાવે જો પંખીના ટોળામાં
ને માણસ ને માણસ ન ફાવે !
ઝૂકવું તો ફાવે છે પૈસાદારોની સામે
લાગવગ 'લગ' બનીને આવે
સૂની છે ઝૂપડી ભૂખ્યા છે બાળ ક્યાંક,
કોણ એની વારે રે આવે ?
કેમ મને પ્રશ્નો સતાવે ?
ને માણસ ને માણસ ન ફાવે !
વૃક્ષોને જેમ તપવાનું ફાવે,
સૂરજ ને નિયમમાં રહેવાનુ ફાવે
ફૂલોને ફાવે જો કંટકની વચ્ચે
ને ધરતીને સહેવાનું ફાવે
ફાવે ન ફાવે ભલે માનવી ને માનવી
કુદરતને બધુયે ભાવે
ને માણસને માણસ ન ફાવે !
ભેદ નથી રાખ્યો જો આપણામાં ઈશ્વરે,
તો કેમ બીજાની આત્મા દુભાવે ?
માણસને માણસ ને ફાવે!
ખરેખર, માણસને માણસ ન ફાવે!"

-પટાટ પાયલ



## માઁ

મારા દિલમાં હરવખત રહેલી કવિતા છે માઁ
ઈશ્વરની અદભૂત રચના છે માઁ
તને કહુ પ્રેમ કહુ ક્ષમા કહુ સહનશીલતા કહુ
હરવખત પ્રેમની કવિતા છે માઁ.
મારી આંખો અહી તને શોધી રહી છે માઁ
પ્રભુ પાસે પ્રાર્થના કરું છું એટલી કે હર જનમ
બનું તારો સંતાન એવી ઈચ્છા છે માઁ.
જમાનાની નજરમાં તું ગમે તે હોય પણ
મારી તો સ્વર્ગથી સુંદર દુનિયા છે માઁ.

**સાપરીયા ઉમંગ**



**સરાવાડીયા શ્રધ્ધા**









**ભાવના સોલંકી**

Dodiya Keyursinh
M.Com., B.Ed., M.A.Ed.
82005 98585

Goswami Mandeep
B.Sc., B.Ed.
84606 06015

connecting creativity
de hub
DIGITAL EDUCATION HUB
E-mail : digitaleducation24@gmail.com

- આધાર ડાયસ (SSA)
- શિષ્યવૃત્તિ (SC, ST, OBC, લઘુમતિ)
- ધો. ૧૦ અને ૧૨ બોર્ડ ફોર્મ
- ધો. ૧૦ અને ૧૨ ઓન લાઇન માર્ક એન્ટ્રી
- DEO/GSEB સ્કુલ અને ટીચર રજીસ્ટ્રેશન
- RTE ફોર્મ
- RTE અને DEO ની તમામ ફાઇલ સબમીટ
- CRC ની તમામ ફાઇલ સબમીટ
- સ્કુલને લગતા તમામ એફિડેવીટ
- મોટીવેશનલ સેમિનાર




**નામ : ગરણિયા રમેશભાઈ ભુરાભાઈ**
**વ્યવસાય : પ્રાથમિક શિક્ષક**



**નામ : ગરણિયા રમેશભાઈ ભુરાભાઈ**
**વ્યવસાય : પ્રાથમિક શિક્ષક**


સા વિદ્યા યા વિમુક્તયે

**શ્રી અત્રિવ એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત**

**શ્રી દત્તાત્રેય પ્રાથમિક શાળા**
**શ્રી દત્તાત્રેય માધ્યમિક શાળા**
**શ્રી ક્રિષ્ના પ્રાથમિક શાળા**
**(સ્થાપના : ૧૯૯૪)**
**ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ.**
**ફોન : ૨૪૪૧૫૭૭**

**કે.જી. થી ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)**
**સળંગ યૂનિટ**

**શાળાની આછેરી ઝલક**

હવા ઉજાસવાળા વિશાળ કલાસરૂમ, વિશાળ પ્રાથના ખંડ, અદ્યતન કમ્પ્યુટર લેબ, ઓડીયો-વિઝ્યુઅલરૂમ, શ્રેષ્ઠ અને વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય, મૂલ્યલક્ષી કેળવણી આપવા માટે અભ્યાસની સાથે યોગ, ધ્યાન જેવા પ્રવૃતિઓ, ઉચ્ચ કારકિર્દી અંગે સતત માગદર્શન અને પ્રરણા પુરૂ પાડતુ વાતાવરણ, પારિવારિક વાતાવરણ, દ્વારાસતત વાલી સંપર્ક, સંસ્થાની શૈક્ષણીક તેમજ વિકાસ લગતી તમામ પ્રક્રિયા પર સંચાલકોની દેખરેખ અને માર્ગદર્શન.

**ટ્રસ્ટીશ્રી :**
**લાવડિયા રાવતભાઈ**

## કુંડલિયા બી.એડ. કોલેજના છાત્રો ઝળકયા

રાજકોટ: જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજનાં બી.એડ. સેમ-૧નાં છાત્રો ગરણિયા કેતન પ્રથમ ક્રમાંકે, મહેતા હરિપ્રિયા દ્વિતીય ક્રમાંકે, જોટવા શાંતિ તૃતીય ક્રમાંકે તથા તેજાણી વૈશાલી ઉત્તીર્ણ થયાં હતાં તેમજ ૨૦ પરીક્ષાર્થીઓએ ૯૦%થી વધુ તથા ૩૦ પરીક્ષાર્થીઓએ ૮૦% થી વધુ ગુણ મેળવ્યાં હતાં. આ અંગે મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઇ જોષી, ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદી, અધ્યાપકો તેમજ સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતાં.

## જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો



શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ દ્વારા સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગત તા. ૨૦-૧૧ના રોજ પ્રગટેશ્વર મહાદેવના પાવન સ્થળે આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં સૌપ્રથમ રમત-ગમતમાં ક્રિકેટ, વોલીબોલ વિગેરે જેવી રમતો રમ્યા હતા. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બીએડના પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિણાર્થી દ્વારા જુદી જુદી શૈલીમાં કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં નૃત્ય, ગીત, નાટક, એકપાત્રિય અભિનય વગેરે જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ફટાફટ વન મિનિટની રમત રમવામાં આવી હતી. આ પ્રવાસનું સંપૂર્ણ આયોજન બીએડના પ્રશિણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં જુદી જુદી સમિતિઓ, હિસાબ સમિતિ, ભોજન સમિતિ, શિસ્ત સમિતિ વગેરે રચવામાં આવી હતી. આ પ્રવાસ દ્વારા પ્રશિણાર્થીઓને શૈક્ષણિક અનુભવો પુરા પાડયા હતા.





## જે.જે. કુંડલિયા કોલેજમાં શૈક્ષણીક પ્રવાસનું આયોજન

જે.જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ દ્વારા સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓના શૈક્ષણીક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું તાજેતરમાં "પ્રગટેશ્વર મહાદેવ"ના પાવન સ્થળે આ શૈક્ષણીક પ્રવાસનું કરવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં સૌ પ્રથમ રમતગમતમા ક્રિકેટ બોલીબોલ વગેરે જેવી રમતો રમાવા માન આપ્યા હતા.



## જે. જે. કુંડલીયા કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસ

વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ પ્રકૃતિનું સાનિધ્ય માણી કઈક શીખે તેવા હેતુ સાથે શ્રીમતી જે. જે કુંડલીયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ દ્વારા બી. એડ. ના પ્રથમ અન દ્વીતીય વર્ષન પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રેટેશ્વર મહાદેવના દર્શન અને પ્રવાસનું આયોજન કરાયુ હતુ પ્રશિક્ષણાર્થી ભાઈ બહેનોએ નૃત્ય, નાટક, ગીત, અભિનયની રજુઆત કરી માહોલ મનોરંજનથી ભરપુર બનાવી દીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા કોલેજન પ્રિન્સીપાલ ડો. ચિરાગભાઈ માઢક, અધ્યાપક ડો. અલ્પેશભાઈ નાકરાણી, ડો નિશાબેન રાણીંગા, ભુમિકાબેન, નોન ટીચીંગ સ્ટાફ નવા બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓર જહેમત ઉઠાવી હતી. સંસ્થાના ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રવાસ આયોજન બીરદાવ્યુ હતુ. (૧૬.૨)

## જે. જે. કુંડલિયા બી. એડ્. કોલેજમાં પ્રવેશોત્સવ



રાજકોટ :. શ્રીમતી જે.જે. કુંડલિયા બી.એડ્. (સંત કબીર રોડ)ના નવા પ્રશિક્ષણાર્થીઓનો પ્રવેશોત્સવ શહેરના એ.સીપી શ્રી હર્ષદભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. કાર્યક્રમના મુખ્ય અતિથિ સંસ્થાના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ નવા પ્રશિક્ષણાર્થીને ઉષ્માસભર આવકારેલ. આજીવન નિષ્ઠાવાન શિક્ષક બની રહેવા અપીલ કરી હતી. મહેમાનોએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યુ હતું. એસ.વાય.ના પ્રશિક્ષણાર્થીઓએ સંસ્થામાના પોતાના સ્વાનુભવો વિશે વકતવ્ય આપેલ. સંસ્થાના આચાર્યશ્રી ડો. ચિરાગ માઢકે પ્રાસંગિક પ્રવચન, ડો. નિશા રાણીંગાએ સ્વાગત પ્રવચન અને ડો. અલ્પેશ નાકરાણીએ આભાર દર્શન કર્યુ હતુ. બન્ને વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## જે.જે. કુંડલીયા કોલેજ પ્રવાસ

જે.જે. કુંડલીયા ટીચર્સ કોલેજ દ્વારા સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓનાં શૈક્ષણિક પ્રવાસ તેમજ રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યો હતો.



## વિજ્ઞાન દિન ઉજવાયો

રાજકોટ: વિજ્ઞાન દિવસ નિમિતે જે.જે. કુંડલીયા બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાદેશિક લો વિજ્ઞાન કેન્દ્ર, વોટ્સન મ્યુઝીયમ અને રોટરી ડોલ્સ મ્યુઝીયમની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતને સફળ બનાવવામાં કોલેજનાં આચાર્ય ડો. અલ્પેશભાઇ નાકરાણી, અધ્યાપક ચિરાગ માઢકે જહેમત ઉઠાવી હતી.

## કુંડલિયા ટીચર્સ કોલેજ દ્વારા યોજાયો શૈક્ષણિક પ્રવાસ



રાજકોટ : જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રગટેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં વિદ્યાર્થિનીઓએ રમતગમત, નૃત્ય, ગીતા, નાટક, એક પાત્રિય અભિનય વગેરે પ્રવૃત્તિઓ કરી હતી. પ્રિન્સિપાલ ડો.ચિરાગભાઇ માઢક, અધ્યાપક ડો.અલ્પેશભાઇ નાકરાણી, ડો.નિશાબેન રાણીંગા, ભૂમિકાબેન, નોન ટીચીંગ સ્ટાફ અને બીએડના તમામ પ્રશિક્ષણાર્થીઓએ વગેરે જહેમત ઉઠાવી હતી.

## F Y અને S Y ના વિદ્યાર્થઓનો કુંડલિયા કોલેજમાં પ્રવેશોત્સવ



રાજકોટ | જે.જે.કુંડલિયા બી.એડ.કોલેજમાં એફ.વાય અને એસ.વાયમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઇઓ, બહેનોનો પ્રવેશોત્સવ યોજાયો હતો. એસીપી હર્ષદભાઇ મહેતા, સંસ્થાના ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદી, કોલેજના સ્ટાફે વિદ્યાર્થીઓ ફૂલ અર્પણ કરી આવકાર્યા હતા.

## કુંડલિયા કોલેજમાં શૈક્ષણિક સાધનો, પુસ્તકોનું પ્રદર્શન

રાજકોટ : જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરેલા શૈક્ષણિક સાધનો અને પુસ્તકો, ક્રાફ્ટિંગનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રાફ્ટિંગની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. આ ઉપરાંત વાનગી, સલાડ ડેકોરેશનની સ્પર્ધામાં પ્રથમ મેણિયા રેખા, દ્વિતીય દિવ્યા વિજેતા થઇ હતી. આ ઉપરાંત ઓર્ગન ડોનેશન જાગૃતિ અને રક્તદાન જાગૃતિ અંગે સેમિનાર યોજાયો હતો. અલ્પનાબેન ત્રિવેદી વગેરે હાજર રહ્યા હતા. જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે ઉપરોક્ત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી હાજર રહ્યા હતા.

## કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજે સ્નેહનિર્ઝર સંસ્થાની મુલાકાત લીધી

રાજકોટ | કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓમાં માનવ મૂલ્યોનું સિંચન થાય તેવા ઉદ્દેશ સાથે મનોવિકલાંગ બાળકોની સેવા કરતી સંસ્થા સ્નેહ નિર્ઝર સંસ્થાની મુલાકાત ગોઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શારિરીક, માનસિક વિકલાંગ બાળકો સાથે વાર્તાલાપ, બાળગીત જેવી પ્રવૃત્તિઓ કરી હતી. દિવ્યાંગ બાળકોએ વિવિધ રમતમાં મેળવેલા પદકનો નિહાળ્યા હતા. આચાર્ય ચિરાગભાઇ માઢક, ડો. અલ્પેશભાઇ નાકરાણી, ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

## કારગીલ યુધ્ધ વખતે સૈનિકો માટેના ફાળામાં મહિલાઓએ સોનાંના ચેઇન ઉતારી આપ્યા હતા



## દેશદાઝથી ધબકતા રાજકોટમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

રાજકોટ : જ્ઞાતિ-ધર્મ, વર્ણ, વર્ગ, ગામ અને એવા અનેક ફાંટામાં વહેંચાયેલી રાજકોટની પંચરંગી પ્રજા દેશદાઝના મામલે સદા અગ્રેસર રહી છે. માટે જ રાષ્ટ્રીય પર્વની ઉજવણી હોય ત્યારે શહેરીજનો પરસ્પર જોડાઈને ઈન્દ્રધનુષ જેવી રંગબિરંગી આભા સર્જે છે. રાષ્ટ્રભાવનાની અભિવ્યક્તિમાં અને દેશમાટે શક્ય એટલું કરી છુટવામાં રાજકોટવાસીઓ અગ્રેસર હોય છે. આજના ટીનએજરોના જન્મ પહેલા પાકિસ્તાન પાસેથી કારગીલનો કબજો છોડાવવા જવાનો જંગે ચડ્યા હતા ત્યારે સૈનિકો માટેના ફાળામાં રાજકોટની મહિલાઓએ રસ્તાપર વાહનમાં જતા-જતા જ ગળામાંથી સોનાંના ચેઈન ઉતારીને આપી દીધાના દાખલા છે.

આવી પ્રજા જ્યાં રહેતી હોય ત્યાં સ્વતંત્રતા પર્વ અને પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઓટ ક્યાંથી આવે ? ૨૬મી જાન્યુઆરીએ ગણતંત્ર દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જામકંડોરણા ખાતે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ધ્વજવંદન થકી કરવામાં આવી હતી. જ્યારે શહેર કક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાં અધિક કલેક્ટર હર્ષદ વોરાએ રાષ્ટ્રધ્વજ તિરંગો ફરકાવીને કરી હતી. આ તકે પરેડ, માર્ચ પાસ્ટ અને સૈન્ય, પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડના જવાનો અને એનસીસીના કેડેટ્સે હેરતઅંગેજ કરતબો કરીને આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ પણ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભક્તિનો સંદેશ વહેતો કર્યો હતો.

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પ્રજાસતાકદિનની કુંડલિયા બીએડ કોલેજમાં ઉજવણી કરાઈ હતી. જેમાં મેયરે ધ્વજવંદન કર્યુ હતુ. આ તકે કુંડલિયા કોલેજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૪ બહેનો અને ૧૦ ભાઈઓએ ભાગ લીધો હતો.

## જે.જે. કુંડલિયા કોલેજની સિદ્ધિ

જે.જે. કુંડલિયા કોલેજના બી.એડ. સેમ.૩નું ઉજ્જવળ પરિણામ આવેલ છે ૧૦૦% પરિણામ આવેલ છે. જેમા પ્રથમ ક્રમાંકે પટોળીયા જેનીશા ૯૫.૦૪% દ્વિતીય ક્રમાંકે પાનખાણિયા મનાલી ૯૪.૫૬% તેમજ તૃતીય ક્રમાંકે ફળદુ કાજલ ૯૪.૦૮% ઉત્તીર્ણ થયેલ છે. કોલેજના ૪૫ પ્રશિક્ષાર્થીઓમાંથી ૨૩ પ્રશિક્ષાર્થીઓને ૯૦%થી વધુ પરિણામ તેમજ ૨૨ પ્રશિક્ષાર્થીઓએ ૮૦% થી વધુ ગુણ પ્રાપ્ત કરેલ છે.

## જે.જે.કુંડલિયા કોલેજના મેઘાણી સાહિત્ય કેન્દ્ર દ્વારા લોકગીતોનો કાર્યક્રમ યોજાયો

આજકાલ કાર્યાલય-રાજકોટ

જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં માતૃભાષા સમાહની ઉજવણી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે સૌરાષ્ટ્ર યુનિ.ના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા લોકગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ કોલેજના પ્રશિક્ષણાર્થીઓ માતૃભાષાના વૈવિધ્યસભર લોકગીતો, લગ્નગીતો, શૌર્યગીતો પ્રત્યે રસ કેળવતા થાય તથા આવનારા ભવિષ્યમાં વિદ્યાર્થીઓને લોકગીતોના સાહિત્યથી માહિતગાર કરી શકે તે હતો. મુખ્ય મહેમાન તરીકે પ્રાધ્યાપક અંબાદાન રોહડિયા તથા કલાકાર અને પ્રાધ્યાપક નિલેષભાઈ પંડ્યા અને તેમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પંચશીલ, હરિવંદના, મુરલીધર અને મિરામ્બિકા બી.એડ.કોલેજના પ્રિન્સિપાલો અધ્યાપકો તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અંબાદાનભાઈ દ્વારા લોકગીતો તેમજ ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રમાં થતી પ્રવૃત્તિઓ વિશે ખૂબ જ પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. નિલેષભાઈ અને તેમની ટીમ તથા કોલેજના પ્રાધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા લોકગીતો, લગ્નગીતો રજુ કરવામાં આવ્યા અને છેલ્લે રાસગરબા સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના આચાર્ય ડો.ચિરાગભાઈ માઢક, અધ્યાપક ડો.નિશાબેન રાણિંગા, ડો.અલ્પેશભાઈ નાકરાણી તથા નોન-ટિચિંગ સ્ટાફ અને સર્વે પ્રશિક્ષણાર્થી મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત



જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેમાં તેઓએ આર્યભટ્ટ સાયન્સ મ્યુઝિયમ, અવકાશ વિજ્ઞાનમાં સાર મંડળનો સ્લાઈડ શો તેમજ પ્રમુખ સ્વામી પ્લેનેટેરીયમમાં બ્રહ્માંડના રહસ્યોનો પ્રોજેક્ટર દ્વારા અનોખો અનુભવ કર્યો હતો.

## સરદાર પટેલ વિચારધારા રેલી




જે.જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજ તથા લાલબહાદુર શાસ્ત્રી અંગ્રેજી માધ્યમ પ્રા. શાળાના ઉપક્રમે 'સરદાર પટેલ વિચારધારા રેલી'નું આયોજન કરાયું હતું. જેમાં સરદાર સ્મારક ટ્રસ્ટના પ્રમુખ દેવેન્દ્રભાઇ દેસાઇ, મંત્રી ડો. અલ્પનાબહેન ત્રિવેદી ઉપસ્થિત હતાં.

## કુંડલિયા બી.એડ કોલેજ



શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અનોખી રીતે કરાઇ હતી. કાર્યક્રમની ખાસ વિશેષતા એ હતી કે કોલેજનાં પ્રાંગણમાં શાકભાજી દ્વારા ભારતના નકશાનું નિર્માણ કરાયું હતું. કોલેજનાં પ્રાધ્યાપક ડો. નિશાબેન દ્વારા ધ્વજવંદન કરાયું હતું. સરદાર પટેલ વિદ્યાલયના આચાર્ય શ્રી લાખા દ્વારા વકતવ્ય અપાયું હતું. કોલેજનાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા એક પાત્રીય અભિનય, સ્વચ્છતા અભિયાનનું નાટક દેશભક્તિ ગીતોની રજૂઆત સાથે સરદાર પટેલ શાળાનાં નાના ભૂલકાઓ દ્વારા દેશભક્તિ ગીતો પર નૃત્યો કરાયા હતા.

## જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ



જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજનાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડો. પારૂલબેન દવે તથા સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયનાં ભૂતપુર્વ પ્રિન્સિપાલ ભરતભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ પાઠક દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું અને તેઓએ તેમનાં ઉદ્બોધનમાં ફક્ત કોઈ રાષ્ટ્રીય દિવસે જ દેશને યાદ કરવા કરતાં હરહંમેશ દેશને યાદ કરવા પર ભાર મુક્યો હતો.

## સરદાર પટેલ વિચારધારા રેલી



ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ તથા સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજના સહકારથી સરદાર પટેલની પુણ્યતિથિ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો જે અંતર્ગત સરદાર પટેલ વિચારધારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.



**કુંડલીયા કોલેજ બાલાશ્રમની મુલાકાતે:** શ્રીમતી જે.જે.કુંડલીયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ફ્રેન્ડશીપ દિવસની ઉજણી કરવામા આવી હતી. આ ઉજવણી અંતર્ગત કાઠીયાવાડ બાલાશ્રમ મુલકાત લેવામાં આવી હતી. ટ્રસ્ટી શ્રી ચંદ્રકાંતભાઈ દ્વારા બાલાશ્રમના સમગ્ર સંચાલન અંગેની માહિતી આપવામા આવી. પ્રશિક્ષણાર્થી દ્વારા વિજેતા થતાં બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા, કોલેજના આચાર્ય ચિરાગભાઈ માઢક, અધ્યાપક ડો.નિશાબેન રાણીંગા, ડો.અલ્પેશભાઈ નાકરાણી તથા ૯૫ પ્રશિક્ષણાર્થીએ જહેમત ઉઠાવી હતી.(૧૧.૬)


MAHATMA GANDHI CHARITABLE TRUST SANCHALIT
Smt. J.J. KUNDALIYA GRADUATE TEACHERS' COLLEGE RAJKOT, 2016-18


MAHATMA GANDHI CHARITABLE TRUST SANCHALIT
Smt. J.J. KUNDALIYA GRADUATE TEACHERS' COLLEGE RAJKOT, 2017-19